RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 121* Date: 27.02.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## વિધાનસભા ચૂંટણીઃ પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ આઠ તબક્કામાં મતદાન યોજાશે

# પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીનો શંખનાદ



### પશ્ચિમ બંગાળમાં આઠ તબક્કામાં મતદાનઃ ૨૭ માર્ચે પ્રથમ તબક્કા, ૧ એપ્રિલ, ૬ એપ્રિલ, ૧૦ એપ્રિલ, ૧૭ એપ્રિલ, ૨૨ એપ્રિલ, ૨૬ એપ્રિલ, ૨૯ એપ્રિલ

*ન્યુ દિલ્હી,તા.૨૬*

પાંચ રાજ્યમાં ચૂંટણીની તારીખોની જાહેરાત થઈ ગઈ છે. આ રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, આસામ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. મુખ્ય ચૂંટણી વડા સુનીલ અરોડાએ શુક્રવારે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમ પ્રમાણે મતદાનની શરૂઆત પશ્ચિમ બંગાળ અને આસામથી થશે. આ બન્ને રાજ્યમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૭ માર્ચના રોજ યોજાશે. પાંચ રાજ્યોમાં મતગણતરી ૨ મેના રોજ થશે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધારે ૮ તબક્કામાં ચૂંટણી યોજાશે. આસામમાં ૩ તબક્કામાં અને અન્ય ત્રણ રાજ્યોમાં એક તબક્કામાં ચૂંટણી યોજાશે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, આસામમાં ૩ તબક્કામાં વિધાનસભા ચૂંટણી થશે. પહેલા તબક્કામાં ૪૭ સીટો પર ૨૭ માર્ચથી વોટિંગ થશે. બીજા તબક્કાની ૪૯ સીટો પર ૧ એપ્રિલના વોટિંગ થશે. ત્રીજા તબક્કાની ૪૦ સીટો પર ૬ એપ્રિલના વોટિંગ થશે અને તમામ જગ્યાઓ પર ૨ મેના પરિણામો જાહેર થશે. તો કેરળમાં ૧૪ જિલ્લાની ૧૪૦ વિધાનસભા સીટો પર એક જ તબક્કામાં ૬ એપ્રિલના ચૂંટણી થશે.

પોન્ડિચેરીમાં ૬ એપ્રિલના વોટિંગ થશે અને ૨ મેના પરિણામો આવશે. તમિલનાડુ અને કેરળમાં ફક્ત એક જ તબક્કામાં મતદાન થશે. અહીં મતદાન ૬ એપ્રિલના થશે. આ જ રીતે કેરળમાં પણ ૬ એપ્રિલના જ મતદાન થશે. પોંડિચેરીમાં એક તબક્કામાં જ મતદાન થશે અને ૨ મેના પરિણામો આવશે. તો પશ્ચિમ બંગાળમાં ૮ તબક્કામાં મતદાન થશે. બંગાળમાં ૨૭ માર્ચના પહેલા તબક્કાનું મતદાન થશે. બીજા તબક્કામાં ૧ એપ્રિલના મતદાન થશે.

ઉલ્લેખનીય છે કે ૪ 'મે'થી બૉર્ડની પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. આને જોતા ચૂંટણી પંચે ૫ રાજ્યોમાં ૧લી 'મે'થી પહેલા ચૂંટણી કાર્યક્રમ પૂર્ણ કરવાનો પ્લાન બનાવ્યો છે. ચૂંટણી પંચે કહ્યું કે, તમામ ચૂંટણી અધિકારીઓનું રસીકરણ થશે. આસામમાં આ વખતે૩૩ હજારથી વધારે પોલિંગ સ્ટેશનો હશે, તમિલનાડુંમાં ૮૮ હજારથી વધારે પોલિંગ સ્ટેશન હશે. પશ્ચિમ બંગાળમાં ૧ લાખ ૧ હજારથી વધારે પોલિંગ સ્ટેશન હશે. કેરળમાં ૪૦ હજારથી વધારે પોલિંગ બૂત હશે. પોંડિચેરીમાં ૧૫૦૦થી વધારે પોલિંગ બૂથ હશે.

આ વિધાનસભા ચૂંટણીમાં ૧૮ કરોડથી વધારે મતદારો વોટિંગ કરશે. કુલ ૮૨૪ વિધાનસભા સીટો પર મતદાન થશે. દરેક જગ્યાએ મતદાન કેન્દ્ર ગ્રાઉન્ડ ફ્લોર પર હશે. આનાથી કોઈ સમજૂતી કરવામાં નહીં આવે. ઉમેદવારોને ફક્ત ૫ લોકો સાથે જ ઘરેઘરે જઈને ચૂંટણી પ્રચાર કરવાની અનુમતિ હશે. વિધાનસભા ચૂંટણી દરમિયાન પર્યાપ્ત માત્રમાં કેન્દ્રીય સુરક્ષાદળોને આ ૫ રાજ્યોમાં તૈનાત કરવામાં આવશે. સંવેદનશીલ બૂથોની ઓળખ કરી લેવામાં આવી છે તેવું મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું. તમામ પોલિંગ સ્ટેશનો પર પીવાના પાણી, વીજળી, વેઈટિંગ એરિયા, સેનિટાઈઝર, માસ્ક, સાફ પાણી, વ્હિલ ચેર વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે.

ચૂંટણી પંચે કહ્યું કે, પોંડિચેરીમાં ઉમેદવારોને મહત્તમ ૨૨ લાખ રૂપિયા ખર્ચ કરવાની પરવાનગી હશે. બાકીના ૪ રાજ્યોમાં ૩૮ લાખ રૂપિયાની અધિકતમ સીમા હશે.ઉલ્લેખનીય છે કે ૨૪ મે ૨૦૨૧ના તમિલનાડુમાં વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં ૩૦ મેના વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. આસામમાં ૩૧ મેના વિધાનસભા કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે.

## દેશના સૌથી ધનિક મુકેશ અંબાણીના ઘર પાસેથી વિસ્ફોટકો ભરેલી કાર મળતા હડકંપ

મુંબઈ,તા.૨૬

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને દેશના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીના ઘર પાસેથી વિસ્ફોટકો ભરેલી એક ગાડી મળી આવી હતી. આ કાર ચોરીની હતી. હવે વિસ્ફોટકો ભરેલી કારમાંથી એક ધમકી ભર્યો પત્ર મળી આવ્યો છે. ચિઠ્ઠીમાં મુકેશ અંબાણી અને તેમના આખા પરિવારને ખુલ્લી ધમકી આપવામાં આવી છે. વિસ્ફોટકો ભરેલી ગાડીને લઈને પણ સનસનાટીપૂર્ણ ખુલાસો થયો છે. અત્યાર સુધીની તપાસ મુજબ સ્કોર્પિયો પરની નંબર પ્લેટ એક બનાવટી, ચોરી કરેલી કાર છે, જે બીજા રાજ્યમાંથી ચોરી કરીને મુંબઈ લાવવામાં આવી હતી.

મુકેશ અંબાણીના ઘરની બહાર માળી આવેલી કારમાં જે વિસ્ફોટકો ભરેલી બેગ હતી તેના પર મુંબઈ ઈન્ડિયન્સ લખેલુ હતું. જાહેર છે કે, આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ ક્રિકેટ ટીમના માલિક મુકેશ અંબાણી છે. આ કેસની તપાસ મહારાષ્ટ્ર સરકારે ક્રાઈમ બ્રાંચને સોંપી દીધી છે. તો એટીએસ પણ આ દિશામાં તપાસમાં જોતરાઈ ગઈ છે.

મુકેશ અંબાણીના નામે જે ધમકી ભર્યો પત્ર મળ્યો છે તેમાં લખવામાં આવ્યું છે કે, "નીતા ભાભી અને મુકેશ ભૈયા ફેમિલી, યહ તો સિર્ફ એક ટ્રેલર હૈ. અગલી બાર યે સામાન પુરા હોકર આયેગા. પૂરી ફેમિલીકો ઉડાને કે લિયે ઈંતજામ હો ગયા હે, સંભલ જાના." સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિસ્ફોટકો ભરેલી ગાડી પાર્ક કરનારાઓએ લગભગ એક મહિના સુધી આ જગ્યાની રેકી કરી હતી. સૂત્રોના જાણાવ્યા પ્રમાણે આ ગતિવિધિને અંજામ આપવા માટે ઘણા લાંબા સમયથી પ્લાનિંગ કરવામાં આવી રહ્યું હતું. આરોપી તો વિસ્ફોટકો ભરેલી આ ગાડીને ઘરથી ખુબ જ નજીકના અંતરે ઉભી કરવા માંગતો હતો પરંતુ સુરક્ષા વધારે કડક હોવાથી આમ થઈ શક્યુ નહોતુ.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૪૬૦

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૯૦૩૧

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૩૧૫

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૨૪૮૭

### છેલ્લા બે દિવસની તેજીને બ્રેકઃ સેન્સેક્સે ૫૦ હજારની સપાટી ગુમાવી

# શેરબજાર ધડામઃ સેન્સેક્સમાં ૧૯૩૯ પોઈન્ટનો કડાકો

*મુંબઈ,તા.૨૬*

શેરબજારમાં આજે બંધ થતાની સાથે કડાકો જોવા મળ્યો છે. જેમાં બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સક્સ - ૧,૯૩૯.૩૨ પોઈન્ટ એટલે કે (૩.૮૦%) ના કડાકા સાથે ૪૯,૦૯૯.૯૯ ના સ્તર પર બંધ રહ્યો છે. તેમજ નેશનલ સ્ટોક એક્સચેંજની નિફ્ટી -૫૬૮.૨૦ પોઈન્ટ્સ એટલે કે (૩.૭૬%) ટકા કડાકા સાથે ૧૪,૫૨૯.૧૫ ના સ્તર પર બંધ રહી છે. તેમજ આજે સેન્સેક્સે બંધ થતા ૫૦,૦૦૦ની સપાટી ગુમાવી છે.

શેરબજારમાં તીવ્ર વેચવાલીને પગલે ગણતરીના ત્રણ કલાકમાં જ રોકાણકારોની રૂ.૪.૬૫ લાખ કરોડની સંપત્તિ સ્વાહા થઈ ગઈ હતી. વોલેટાલિટી ઈન્ડેક્સ ૨૬ ટકા ઉછળીને ૨૮.૮૦ થયો હતો જેનો અર્થ એ થયો કે આગામી સમયમાં શેરબજારમાં ભારે અફરાતફરી જોવા મળી શકે છે.

શરૂઆતના કારોબારમાં ઈન્ડેક્સ ૧૧૦૦ અંક ઘટી દિવસના સૌથી નીચલા સ્તર ૪૯,૯૫૦.૭૫એ પહોંચ્યો હતો. એને પગલે બીએસઈની માર્કેટ કેપ લગભગ ૩ લાખ કરોડ ઘટી છે.

સેન્સેક્સ પર ઓએનજીસી, એમએન્ડએમ, બજાજ ફિનસર્વ, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા.



ઓએનજીસી ૬.૬૦ ટકા ઘટીને ૧૧૧.૧૫ પર બંધ રહ્યો હતો. એમએન્ડએમ ૬.૩૫ ટકા ઘટીને ૮૦૪.૩૫ પર બંધ રહ્યો હતો.

શેરબજારના ઘટાડામાં અગ્રણી શેર સૌથી આગળ રહ્યાં છે. એચડીએફસી બેંક, એક્સિસ બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંક સહિત અન્ય અગ્રણી બેંકિંગ શેરમાં ૫-૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટીસીએસ અને ભારતી એરટેલના શેરમાં પણ ૨-૨ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો. માર્કેટ કેપની રીતે જોઈએ તો ૧૦ સૌથી મોટી કંપનીઓમાંથી ૭ની માર્કેટ કેપ લગભગ એક લાખ કરોડ રૂપિયા ઘટી.

અમેરિકાનાં બજારોમાં ભારે વેચવાલીને કારણે શેરબજારોમાં ઘટાડો છે. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૭૩૭ અંક નીચે ૨૯૪૩૦ પર છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૭૭૧ અંક નીચે ૨૯૩૦૩ પર કારોબાર કરી રહ્યો છે. આ રીતે ચીનના શંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ, કોરિયાના કોસ્પી અને ઓસ્ટ્રેલિયાના ઓલ ઓર્ડિનરીઝ ઈન્ડેક્સમાં ૨-૨ ટકાનો ઘટાડો છે.

અમેરિકન બજારોમાં ભારે વેચવાલી ચાલતા વિશ્વભરના શેર બજારોમાં કડાકો પડ્યો છે. તેમજ અમેરિકામાં બોન્ડ યીલ્ડની વૃધ્ધિ અને ટેક્નોલોજી શેરમાં વેચવાલી દેખાતા પ્રમુખ ઈન્ડેક્સ કડાકા સાથે બંધ થઈ ગયો છે. તેથી ભારતીય શેરબજારમાં કડાકો પડ્યો છે.

દિગ્ગજ શેરની વાત કરીએ તો આજે બધા શેર લાલ નિશાન પર બંધ થયા છે. તેમજ મોટા કડાકા સાથેના શેરમાં ઓએનજીસી, એમએન્ડએમ, પાવર ગ્રીડ, જેએસડબ્લ્યુબ સ્ટીલ અને હીરો મોટકોકર્પના શેર શામેલ છે.

## અમે સરકાર સામે અંતિમ શ્વાસ સુધી લડાઈ લડવા માટે તૈયારઃ રાકેશ ટિકૈત



અયોધ્યા,તા.૨૬

ખેડૂત આંદોલન શરુ થયા બાદ અયોધ્યા પહોંચેલા ભારતીય કિસાન યુનિયનના અધ્યક્ષ રાકેશ ટિકૈતે કહ્યુ હતુ કે, દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂતોના આંદોલનને સરકાર લાંબુ ખેંચવા માંગતી હોય તો અમને કોઈ વાંધો નથી. ટિકૈતે કહ્યુ હતુ કે, અમે અમારા અંતિમ શ્વાસ સુધી લડાઈ લડવા માટે તૈયાર છે. હવે લોકો વચ્ચે જઈને અમે સરકારની કથની અને કરનીમાં જે ફરક છે. તેની જાણકારી આપીશું. તેમણે દાવો કર્યો હતો કે, ભગવાન રામ અમારા પૂર્વજ છે અને હું પહેલી વખત અયોધ્યા આવ્યો છું.સરકાર નવા કૃષિ કાયદા પાછા લે તેવી અમારી માંગ યથાવત છે.ભગવાન રામના નામ પર સત્તા મેળવનાર ભાજપ ભગવાન રામના વંશજો પર જુલ્મ કરી રહી છે. ટિકૈતે અયોધ્યામાં બજરંગબલીના મંદિરમાં દર્શન કરીને આશીર્વાદ પણ લીધા હતા અને એ પછી રામ જન્મભૂમિ ખાતે ભગવાન રામના દર્શન કરીને કહ્યુ હતુ કે, ભગવાન રામ પીએમ મોદીને સદબુધ્ધિ આપે તેવી પ્રાર્થના કરી છે. તેમણે કહ્યુ હતુ કે, જે ખેડૂત આંદોલન ચાલી રહ્યુ છે તે ખેડૂતો માટે છે અને અમે કોઈ રાજકીય પાર્ટીનુ સમર્થન કરી રહ્યા નથી.અમારી એક જ માંગણી છે કે, સરકાર કૃષિ કાયદાને પાછા લે.ખેડૂતો કાયદામાં સંશોધનની માંગ કરી રહ્યા છે, વાટાઘાટો માટે પણ તૈયાર છે પણ સરકાર ખેડૂતોને લઈને ગંભીર નથી.

## ડોક્ટરી એક સન્માનજનક વ્યવસાય, કોરોના બાદ તેમના પ્રત્યેનું સન્માન વધ્યુંઃ મોદી

*ન્યુ દિલ્હી,તા.૨૬*

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા તામિલનાડુના ડો. એમ.જી.આર. મેડિકલ યુનિવર્સિટીના ૩૩માં દીક્ષાંત સમારોહમાં જોડાયા હતા. આ યુનિવર્સિટીનું નામ તામિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી અને એમજીઆરના નામથી પ્રખ્યાત એમજી રામાચંદ્રનના નામે રાખવામા આવ્યું છે. આ દરમિયાન મોદીએ કહ્યું હતું કે એમજીઆરનું શાસન ગરીબો પ્રત્યે દયાથી ભરેલું હતું. હેલ્થકેયર, એજ્યુકેશન અને મહિલા સશક્તિકરણ તેમના પસંદગીના વિષય હતા. થોડા વર્ષો પહેલા હું શ્રીલંકા ગયો હતો, ત્યાં એમજીઆરનો જન્મ થયો હતો. ત્યાં આરોગ્ય ક્ષેત્રમાં શ્રીલંકાના તમિલ માટે કામ કરવા માટે ભારતને સન્માનીત કરવામાં આવ્યું. શ્રીલંકામાં ડિક ઓયામાં હોસ્પિટલનું ઉદઘાટન સમારોહને ક્યારેય નહીં ભુલી શકાય. આ હોસ્પિટલ અનેક લોકોને મદદ કરશે. હેલ્થકેયર ફિલ્ડમાં તમિલ સમુદાય માટે કરવામાં આવેલા આ કાર્યોથી એમજીઆરને ખુશી થશે.

૧૫ દિવસની અંદર આ ત્રીજી વખત છે જ્યારે વડાપ્રધાન સીધા જ તામિલાનાડુના લોકો સાથે જોડાયા છે. આ પહેલા ગુરુવારે પણ તેઓ તામિલનાડુના પ્રવાસે હતા. અહીં તેમણે ૧૨,૪૦૦ કરોડ રૂપિયાના પ્રોજેકટને લીલી ઝંડી આપી હતી. તામિલનાડુમાં આ જ વર્ષે ચૂંટણી યોજાવાની છે.

દીક્ષાંત સમારોહમાં કુલ ૧૭ હજાર ૫૯૧ વિદ્યાર્થીઓને ડિગ્રી અને ડિપ્લોમા સર્ટિ આપવામાં આવ્યા હતા. આ દરમિયાન તામિલનાડુના રાજયપાલ બનાવારીલાલ પુરોહિત પણ ઉપસ્થિત રહ્યા હતા. આ યુનિવર્સિટીનું નામ તામિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી ડો. એમ.જી. રામચંદ્રનના નામે રાખવામા આવ્યું છે. તેનાથી કુલ ૬૮૬ કોલેજ જોડાયેલી છે. આ કોલેજોમાં મેડિકલ, ડેન્ટલ, નર્સિંગ, આયુર્વેદ, ફિઝિયોથેરાપીના અનેક કોર્સ ચાલે છે. જમ્મુ કાશ્મીરમાં ગુલમર્ગમાં રમો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ-૨૦૨૧ની આયોજન કરવામાં આવ્યું છે. વીડિયો કોન્ફરન્સ દ્વારા શુક્રવારે તેની શરૂઆત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ખેલાડીઓ માટે ઘણું બધુ કરવામાં આવી રહ્યુ છે. ટેલેંતની ઓળખથી લઈને ટીમ સિલેકશન સુધી ટ્રાન્સપેરેન્સી સરકારની પ્રાથમિકતા છે. જે ખેલાડીઓએ જીંદગીભર દેશનું માન૦સન્માન વધાર્યું, તેનો ફાયદો તેમણે મળે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતુ કે નવી શિક્ષણ નીતિમાં સ્પોર્ટ્સને ખૂબ જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. સ્પોર્ટ્સની ટ્રેનિંગ પણ બાળકોના અભ્યાસમાં સામેલ થશે. દેશમાં સ્પોર્ટ્સના ઈન્સ્ટીટ્યુટ અને યુનિવર્સિટી બનાવવામાં આવશે. સ્પોર્ટ્સ સાયન્સને અમે સ્કિલ સુધી કેવી રીતે લઈ જવાય, તે હવે વિચારવાનો વિષય છે. તે યુવાઓને કારકિર્દી વિકલ્પ તો આપશે જ, દેશની ઈકોનોમિને પણ વધારશે. આપ જો મેદાનમાં કમાલ કરો છો, તેનાથી દુનિયામાં તમને ઓળખ મળે છે.

# તંત્રી સ્થાનેથી...

## ગુજરાતમાં વધી રહેલા કોરોના કેસો શાળાઓ માટે તકલીફ તો નહી સર્જે ને.....?

દેશના કેટલાક રાજ્યોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂરી થયા બાદ કોરોના કેસોમાં વધારો થવા લાગ્યો છે જો કે મહારાષ્ટ્ર, છત્તીસગઢ, કેરળ,મધ્ય પ્રદેશમાં કે દિલ્હીમાં ચૂંટણીઓ યોજાઈ નહીં હોવા છતાં કોરોના કેસોની સંખ્યામાં વધારોથઈ જતા આ રાજ્યોમા કોરોના નિયમોનો કડકાઈથી અમલ કરવા સાથે જરૂરી પગલા લીધા છે. ગુજરાતમાં પણ છ મહાનગરપાલિકાઓની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ કોરોના સંક્રમિતો વધવા લાગ્યા છે જેમાં અમદાવાદ શહેરના ૧૬ વિસ્તારો માઈક્રો કન્ટેઈનમેન્ટ કરી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં કોરોના કેસોનો અંત થવા તરફ જઈ રહ્યો હતો જે કારણે સરકારે વિવિધ ક્ષેત્રોને અનલોક છૂટછાટ આપી દીધી જેમાં દેશનું ભવિષ્ય એવા બાળકોનું ભવિષ્ય શિક્ષણના અભાવે ધુધળુ ન બની જાય તે માટે સરકારે જાન્યુઆરી ૨૦૨૧ના પ્રારંભે પ્રથમ તબક્કામાં કેટલીક શરતોને આધીન ધોરણ-૧૧ અને ૧૨ ના શાળામાં વર્ગો શરૂ કરાવ્યા હતા... ત્યારબાદ ફેબ્રુઆરી માસના પ્રારંભે ધોરણ ૯ અને ૧૨ ના અભ્યાસક્રમો શરૂ કર્યા તે સાથે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ના વર્ગો નિયમિત શરૂ થયા બાદ ફેબ્રુઆરીના પ્રારંભે ધોરણ ૬ થી ૮ માટે પ્રાથમિક શાળાઓ શરૂ કરવામા આવી. ટૂંકમાં સરકારી રાગીની ૩૨,૦૦૦ પ્રાથમિક શાળા અને ૧૨ હજાર જેટલી હાઈસ્કૂલોમાં શિક્ષણકાર્ય શરૂ કરાવીને વિધાર્થી વાલીઓઓને શિક્ષણ બાબતે ચિંતા મુક્ત કરી દીધા છે હવે ધોરણ ૩ થી ૮ ના ૫૦ લાખ જેટલા વિધાર્થીઓની પરીક્ષા લેવાનો નિર્ણય લેવાઈ ગયો છે. ત્યારે અત્યારના સમયમાં દેશમાં કોરોના સંક્રમિત કેસોમાં ઉછાળો આવ્યો છે તેની સાથે નવા બ્રિટન-બ્રાઝિલ સ્ટ્રેન કેસો પણ સામે આવ્યા છે. ગુજરાતમાં પણ કોરોનાના નવા કેસો સામે આવી રહ્યા છે જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૨૪ થી વધુ નવા કેસ સામે આવી ગયા છે. ત્યારે જો કોરોના કેસો વધે તો તેની સાંકળ તોડવા કરવામાં આવે તે કરશો જાહેર લોકડાઉન કે કર્ફ્યુ નાખવા જેવું પગલું ભરવામા આવે તો પ્રાથમિક શાળા તેમજ હાઈસ્કુલમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે પ્રશ્ન ઉભો નહીં થાયને....? તેવી સવાલી ચર્ચા લોકોમા ફરી વળી છે.....!

દેશભરમા કોરોના કેસોમાં ઉછાળો આવી ગયો છે અને એક જ દિવસમાં ૧૬,૭૩૮ નવા કેસ સામે આવ્યા છે,૧૩૮ ના મૃત્યુ થયા છે. સરકાર દ્વારા ૬,૫૮,૬૭૪ લોકોને વેક્સિન આપી દેવામા આવી છે. કેટલાક રાજ્યોમાં કોરોના કેસો વધતા રાજધાની દિલ્હીમાં મહારાષ્ટ્ર, પંજાબ, છત્તીસગઢ, મધ્યપ્રદેશમાથી આવનારાએ કોરોના નેગેટીવ આરટીઓ પીસીઆર રિપોર્ટ કે જે ૭૨ કલાકની અંદર સમયનો હોય તે બતાવે તો જ પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે. તો પશ્ચિમ બંગાળે પણ આવોજ નિર્ણય કર્યો છે પરંતુ મહારાષ્ટ્ર, કર્ણાટક,કેરળ,તલંગણાથી આવનાર પૂરતો છે. મહારાષ્ટ્રમા"વાશિમ" હોસ્ટેલમાં ૨૨૯ વિધાર્થીઓ અને તેના ત્રણ સ્ટાફને પોઝીટીવ આવતા સમગ્ર હોસ્ટેલ ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવી છે,લાતુરમાં બે દિવસ માટે જનતા કર્ફ્યુ, અમરાવતીમાં એક અઠવાડિયા માટે લોકડાઉન, નાગપુરમાં શાળા-કોલેજો માટે પાબંધી તથા ૩ માર્ચ સુધી કર્ફ્યુ,પૂણેમા શાળા-કોલેજો,કોચીગ કલાસો પર પાબંધી તથા રાત્રી કર્ફ્યુ, મુંબઈમાં ૨૪ કલાકમાં ૧૧૦૦ થી વધુ નવા કેસ સામે આવ્યા છે. તેમજ ૧૪૦૦ જેવી બિલ્ડિંગો સીલ કરી દેવામાં આવી છે. મહારાષ્ટ્રમા એક દિવસમાં ૮૮૦૭ કેસો સામે આવતા નિયમોનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે તે સાથે મધ્ય પ્રદેશ, કર્ણાટક, છત્તીસગઢ, કેરલ,દિલ્હી વગેરે રાજ્યોએ પણ નિયમોનો કડક અમલ શરૂ કર્યો છે. ગુજરાતમાં ૩૮૦ નવા કેસ ૨૪ કલાકમાં નોંધાયા છે તો અમદાવાદમાં ૮૪, વડોદરામાં ૮૦, રાજકોટમાં ૫૫, જામનગરમાં ૧૬, ગાંધીનગરમાં ૧૦ કેસ નોંધાયા છે. અમદાવાદના થલતેજની એક શાળામાં ૧૩ વિધાર્થી કોરોના પોઝીટીવ મળી આવ્યા હતા અને થોડા દિવસ પહેલા ડીસાની રામસન હાઈસ્કુલમા શિક્ષકો સહિત ૧૧ વિધાર્થીઓ કોરોના પોઝીટીવ મળી આવ્યા હતા..... આ કારણે વાલીઓ તથા લોકોમાં ડર ફરી વળ્યો છે... તો તંત્ર પણ બાજ નજર રાખી રહ્યુ છે......!?

## અમેરિકા આકરા પાણીએ: સીરિયામાં ઈરાની સમર્થિત અડ્ડા પર એરસ્ટ્રાઈક કરી

*વૉશિંગ્ટન,તા.૨૬*

અમેરિકાના રાષ્ટ્રપતિ પદે ૨૦ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ પદના શપથ લેતા જ જો બાઈડને પહેલું સૈન્ય એક્શન હાથ ધર્યું છે. આજે સવારના સમયે જ અમેરિકન એરફોર્સે સીરિયામાં હુમલા કર્યા હતા. આ હુમલો સીરિયાના એ બે વિસ્તાર જે આતંકી હુથોને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. આ હુમલાની સાથે જ જો બાઈડને દુનિયા આખીને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે. સિરિયાના જે બે વિસ્તારોમાં અમેરિકાએ હુમલા કર્યા તે ઈરાન સમર્થિત આતંકી જૂથોના કબજામાં છે. બે જ અઠવાડિયામાં બે વખત ઈરાકમાં અમેરિકન એરબેઝ પર રોકેટ છોડવામાં આવ્યા હતા. જો કે હજી સુધી એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે અમેરિકન એરસ્ટ્રાઈકમાં આતંકી જૂથોને કેટલું નુકસાન થયું છે. અમેરિકાના આ હુમલાથી દુનિયાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને ઈરાકમાં અમેરિકી સૈન્ય મથકો પર થયેલા હુમલાનો બદલો લીધો છે. બાઈડનના આદેશ બાદ જ ગુરુવારે સીરિયામાં ઈરાન સમર્થિત મિલિશિયા સમૂહ પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતાં. પેન્ટાગને આ અંગે જાણકારી આપતા કહ્યું હતું કે, આ મહિનાની શરૂઆતમાં ઈરાકમાં યુએસ આર્મીને નિશાન બનાવવામાં આવી હતી. જેના જવાબમાં મિલિશિયાના ઠેકાણા પર એર સ્ટ્રાઈક કરવામાં આવી છે. પેન્ટાગને જણાવ્યું કે હવાઈ હુમલા બોર્ડર કંટ્રોલ પોઈન્ટ પર ઈરાક સમર્થિક કાતબ હિજબુલ્લાહ અને કાતાબ સૈય્યદ અલ શુહાદાને ધ્યાનમાં રાખીને કરાયા હતા. પેન્ટાગનના પ્રવક્તા જહોન કિર્બીએ કહ્યું હતું કે, આ હુમલા ઈરાકમાં અમેરિકા અને ગઠબંધન સેનાઓ પર કરાયેલા હુમલાનો જવાબ છે. તેમણે કહ્યું કે જો જરૂર પડી તો અમેરિકા આગળ પણ આ પ્રકારની કાર્યવાહીને અંજામ આપતું રહેશે. બાઈડનને ટ્રમ્પની સરખામણીમાં સોફ્ટ પ્રેસિડેન્ટ કહેવામાં આવી રહ્યાં છે. પરંતુ તેમને પદ સંભાળ્યા પછી ઈરાન અંગે સખત વલણ બતાવ્યું છે. ઈરાને આતંકી જૂથોને બે સપ્તાહ દરમિયાન બે વખત ઈદલિબમાં અમેરિકન એરબેઝ પાસે હુમલા કર્યા હતા. એક વ્યક્તિનું મોત પણ થયું હતું.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની સાત પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : સવાર.બપોર.સાંજ.રાત

..સંપર્ક સૂત્રો.......
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyadnews

---

સાહિત્ય સરિતા(૧)
NOG No-0042
વિભાગ-પદ્ય
વિષય-સવાર, બપોર,સાંજ,રાત
શીર્ષક-હાઈકુ

૧)ઉગ્યો ભાનુ ધબકતું જીવન આશા સંચાર.
૨)પડે સવાર વિહંગ ચહેકતાં ધૂન મધુરી.
૩)મૌન વાયરો સળગતી બપોરસૂની ડગર.
૪)ગ્રીષ્મ મધ્યાહ્ન સુમસામ અરણ્ય એકલ દ્રુમ.
૫)સુહાની સાંજ આથમતો રવિ સમુદ્રતટે.
૬)ડૂબતો સૂર્ય લાલીમાં પથરાઈ સલૂણી સંધ્યા.
૭)રાત કૃષ્ણા શ્વેત જ્યોત્સના તારલે મઢી.
૮)મેઘલ નિશા પ્રગાઢ આલિંગન પિયુ મિલન.

પૂજા(અલકા)કાનાણી,મીઠાપુર

---

NOG SS No : - 0054
વિભાગ - પદ્ય
વિષય - સવાર, બપોર, રાતે
શીર્ષક : સફળ થશે એ સુવર્ણ રાતે!

ઈચ્છા જાગે છે રોજ સવાર, બપોર ને રાતે,
ઈચ્છા જાગે છે રોજે રોજ નિરાંતે!
ઈચ્છાઓ બધી પૂરી કરાય એમ પણ નથી,
જવાબદારીઓ જો રડતી આવે છે શરણાર્થે!
કેટલીય ઈચ્છાઓ મારી સંઘરીને બેઠી છું,
શું કહું હું તમને, હવેતો છૂટકોય નથી મરણાંતે!
આશા લગાવીને બેસીશ જરૂર સવાર,
બપોર ને રાતે, ક્યારેક તો જરૂર સફળ થશે એ સુવર્ણ રાતે!

સપના શાહ "હની",ગોધરા

---

NOG SS No : 0048
વિષય - સવાર, બપોર, સાંજ, રાત
વિભાગ - પદ્ય
શીર્ષક - પ્રીતનો વિચાર

ઊગતી પ્રભાત ને મનમાં ઉગ્યો એક વિચાર,
તારા સથવારે હોય એક સુંદર સવાર.
તારું મધુરું સ્મિત ને પાંપણનો પલકાર,
તારા સ્મિતમાં છલકાય પ્રેમનો રણકાર.
તારા હૈયામાં છલકતો સાગર અફાટ,
તારી આગોશમાં ઓગળવાનો અનેરો થનગનાટ.
મારા રૂદનને પડકારતું તારું મોહક સ્મિત,
મારી ઉદાસીને મહેકાવતું તારું પ્રેમ ગીત.
તારા આંગણમાં ઢળતી એક સુંદર સાંજ,
પ્રતિક્ષા જોતી બેઠી રહું તારે કાજ.
તારા આગમનથી ઉછળતું મારું મન,
તારા સ્પર્શની ઉષ્માથી તરવરતું મારું તન.
તારા સહવાસમાં ઉતરતો નિશાનો અંધકાર,
આપણા સંબંધમાં 'પ્રીત'નો એક ઝબકાર.
તું હોય મુજમાં ને હું હોઉ તુજમાં,
ના હોય કોઈ અંતર આપણા બંનેમાં.
ચાહવાનો ઉન્માદ તારા કણે કણને,
જીવી લેવું છે આ જીવન તારી સાથે પળે પળે.
મારા એકલવાયા જીવનનો તું જ માત્ર આધાર,
'પ્રીત'નાં આ વિચાર પર, કરી લેજો જરા વિચાર.

પ્રકૃતિ શાહ "પ્રીત"

---

NGO SS No : 0015
વિષયઃ- સવાર,બપોર, સાંજ, રાત
વિભાગઃ- પદ્ય
શીર્ષકઃ- રાજી રાજી

રાત પડે ને રાજી રાજી,
રાજી રાજી રાજી રાજી.
ઈચ્છા સઘળી થાતી તાજી,
રાજી રાજી રાજી રાજી.
દિવસે આખો માંદી રે'તી,
રડતી યાદો વ્યથા કે'તી,
ઢળતા શ્વાસો જાતાં દાઝી,
રાત પડે ને રાજી રાજી,
રાજી રાજી રાજી રાજી.
અંધારું બાંધે આંખે પાટા
ખુલ્લી જાતા ગેબી ફાંટા
ઇચ્છા દોઢી થાતી જાજી,
રાત પડે ને રાજી રાજી,
રાજી રાજી રાજી રાજી.

મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ),ખેરાળી

---

NOG SS No-0011
સાહિત્ય સરિતા
શબ્દઃ-સવાર,બપોર, સાંજ,રાત
પ્રકાર : મૌલિક રચના
શીર્ષક : ગગનેથી ઉતરી વાદળી

ગગનેથી ઉતરી વાદળી સાત રંગો ભરી
રાત રોકાઈને સવારે કેમ પાછી ફરી ?
લીલો રંગ વ્યાપી રહ્યો, તરુ ને પાનમાં,
બપોરે જાઉ, ત્યાં ફરવા ને આંખ કરી.
પીળો રંગ ફેલાયો છે, સોનેરી ગગનમાં,
મોતી-શા ચમકી રહ્યાં, તે ચમક જરી.
લાલ રંગ કહી રહ્યો, આ કંકુ ને ફૂલમાં,
પવિત્રતા છવાઈ રહી જ્યાં રંગ ભરી.
ભૂરા રંગે કર્યો છે કમાલ આભ મહીં ,
મોકળા મેદાનમાં પક્ષીએ પાંખ ભરી.

મનોજકુમાર પંચાલ 'મન' પાલનપુર

---

NOG SS NO - 0037
વિષય - સવાર,બપોર,સાંજ...
વિભાગ - પદ્ય.
શીર્ષક - સંગાથ તારો સદા.

સૂરજની સવારી લઈ...!
આવ્યું સ્વર્ણ પ્રભાત ....!
સોળકળાએ દિવસ ઉગ્યો...!
પ્રભાત થયું ભાઈ, પ્રભાત થયું...!
મધ્યાહ્ન, મારો તાજ બન્યો...!
દોડી-દોડી મારી સાથે આવ્યો...!
સૂરજ તપે,ભાઈ સૂરજ તપે...!
મધ્યાહ્ન થયું ભાઈ મધ્યાહ્ન થયું....!
સાંજ પડતાં સૌ સંગાથે..!
નીકળ્યાં ઘરની બહાર..!
સંધ્યા ખીલી, આભે રંગોળી થાય..!
સાંજ પડી, ભાઈ સાંજ પડી...!
રાતરાણીએ, ખુશ્બૂ ફેલાવી..!
મન મોહવા, ચાંદની આવી..!
રજની એ શીત-લહેર ફેલાવી..!
રાત પડી ભાઈ, રાત પડી...!

હેમલતા દિવેચા.

---

NOG SS NO- 0001
વિષય-સવાર,બપોર,સાંજ,રાત....
વિભાગ - પદ્ય.
શીર્ષક - સ્વાગત

સૂરજદાદા જાગ્યાં,
પ્રકાશિત થયાં ધરા,ગગન,
માનવનાં મન હરખાયા,
સવાર થયું....સવાર થયું.
સ્વાગત થયાં,માનવીએ સ્વાગત કર્યા....!
સૂરજની સવારી સાથે,
ઉષારાણી આવ્યાં,
ખડખડાટ હસતાં,
નદી, ઝરણાંએ પગ પછાડ્યાં,
સ્વાગત કર્યા, મહેકી ઉપવને...!
બપોર થઈ, મધ્યાહ્ને તાપ,
પરસેવે રેબઝેબ,
તળિયાં બાળતી ગરમી,
માનવી એ વધાવ્યો તાપ,
સાંજ ઢળતાં,
સંધ્યારાણી આવ્યાં,
ગગને મેઘ-ધનુષ રચાય,
માનવનાં હૈયા હરખાય,
સ્વાગત કર્યા,મંદિરે આરતી થાય...!
ચાંદા -મામા આવ્યાં,
ચાંદનીને લાવ્યાં,
તારલાં ટમટમ્યાં,
ગગને દીવા થાય,
ધરા આનંદિત થાય.
સ્વાગત કર્યા, રાતરાણીનાં..!

પ્રદીપ રાવલ.સંચાલક

## એક્ટિવિસ્ટ નવદીપ કૌરને પંજાબ-હરિયાણા હાઈકોર્ટે જામીન આપ્યા

ન્યુ દિલ્હી,તા.૨૬

એક્ટિવિસ્ટ નવદીપ કૌરને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાંથી જામીન મળી ગયા છે. તે ૧૨ જાન્યુઆરીથી કરનાલ જેલમાં બંધ હતી, તેની સામે ૩ એફઆઈઆર નોંધાઈ હતી, તેમાંથી બેમાં પહેલાથી જામીન મેળવી ચૂક્યા છે, તેથી હવે તેમના માટે બહારનો રસ્તો સાફ થઈ ગયો છે. અગાઉ, કૌર, જે પંજાબના મુક્તસર જિલ્લાની છે, તેણે હાઈકોર્ટમાં નિયમિત જામીન અરજીમાં આરોપ લગાવ્યો હતો કે સોનીપત પોલીસે તેને ગયા મહિને ધરપકડ કરી હતી અને પોલીસ સ્ટેશનમાં માર માર્યો હતો.

૨૩ વર્ષીય કાર્યકર્તાએ દાવો કર્યો હતો કે કાયદાનું ઉલ્લંઘન કરીને તેનો મેડિકલ ટેસ્ટ પણ કરાયો નથી. કૌરને ૧૨ જાન્યુઆરીએ હરિયાણાના સોનેપતમાં એક કંપનીને ઘેરી લેવા અને તેની પાસેથી પૈસાની માંગના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. ડીએસપીએ કહ્યું હતું કે નવદીપ કૌરે કંપનીને ઘેરી લેતા ટોળાને ઉશ્કેર્યા હતા, ત્યારબાદ ટોળાએ કંપનીને મુક્ત કરવા જઈ રહેલા પોલીસ પર હુમલો કર્યો હતો, જેમાં એક મહિલા સહિત સાત પોલીસ કર્મચારીઓને ઈજા પહોંચી હતી. આટલું જ નહીં, હરિયાણા પોલીસે કૌરના તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને ઉદ્યોગપતિઓ પાસેથી પૈસા પડાવવાનો આરોપ લગાવ્યો છે. હરિયાણા પંજાબ હાઈકોર્ટમાં સુપરત કરાયેલ સ્ટેટસ રિપોર્ટમાં હરિયાણા પોલીસે કહ્યું છે કે કેટલાક સોશ્યલ મીડિયા ફોરમ દ્વારા ખોટા આરોપો લગાવવામાં આવી રહ્યા છે કે કૌરને ખોટી રીતે ફસાવી દેવામાં આવી હતી અને મનસ્વી રીતે અટકાયત કરવામાં આવી હતી, જે એક ઘોર ગેરવર્તન છે.



આસામના નાગાંવ જિલ્લામાંના ભગવાન શિવનું સૌથી ઊંચું મંદિર 'મહામૃત્યુંજય મંદિર'.

### તમારી આંખોને વિશ્વાસ નહીં થાય.....

## વડાપ્રધાન મોદી માલપુરમાં ભાજપના ઉમેદવારોના પ્રચારમાં, મોદીના હમશકલે મતદારોમાં આકર્ષણ ઉભું કર્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ની હમશકલ ધરાવતા કર્ણાટકના સદાનંદ નાયક માલપુર તાલુકામાં ભાજપના કાર્યકર્તાઓ દ્વારા પ્રચાર અર્થે લાવીને લોકોમાં અને મતદારોમાં આકર્ષણ ઉભું કર્યું છે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે માલપુર તાલુકાના વાવડી સીટ પર ભાજપના ઉમેદવાર મહેશ પટેલના સમર્થનમાં બાઈક અને પગપાળા રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હમશકલે મતદારોમાં અનોખું આકર્ષણ ઉભું કર્યું હતું ગ્રામ્ય વિસ્તારના લોકોએ નરેન્દ્ર મોદીના હમશકલ સાથે ફોટા પડાવવા અને સેલ્ફી લેવા પડાપડી કરી હતી માલપુર તાલુકામાં ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપના ઉમેદવારોના



પ્રચાર-પ્રસારમાં જોતરાયા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા . સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી ને લઈને અરવલ્લી જિલ્લા માં ભારે ગરમાવો છે.ત્યારે વિવિધ પક્ષો અવાનવા નુસખાઓ ચૂંટણી પ્રચાર અર્થે અપનાવે છે ત્યારે અરવલ્લી જિલ્લા ના માલપુર તાલુકા માં સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી માં એક અનોખો નુસખો અપનાવામાં આવ્યો છે .જેમાં અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા ના ભાજપ કાર્યકરો દ્વારા પ્રધાનમંત્રી ની આબેહૂબ શકલ ધરાવતા કર્ણાટક ના એક વ્યક્તિ કેજેમનું નામ સદાનંદ નાયક છે.જે માલપુર તાલુકાના ૧૦ થી ૧૫ ગામડાઓ માં જઈને ચૂંટણી પ્રચાર અર્થે રેલીઓ તેમજ સભાઓમાં જોડાયા હતા...જેમને જોઈને લોકો માં નરેન્દ્ર મોદીના હમશકલ ને જોઈને આકર્ષણ નું કેન્દ્ર બન્યા છે .નરેન્દ્ર મોદી ના હમશકલ ને જોઈને મતદારો માં ભારે ઉત્સાહ વ્યાપ્યો છે. મોદી ના હમશકલ સદાનંદ નાયક જેતે ગામડા માં પ્રચાર અર્થે જાય છે ત્યાં લોકોના ટોળેટોળા ઉમટે છે..વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આબેહૂબ હમશકલ ની સાથે સાથે તેમની અલગ અલગ સ્ટાઈલો સાથે સદાનંદ નાયક લોકોમાં અને મતદારોમાં મોદી ના નામ થી ઓળખવા લાગ્યા છે માલપુર તાલુકામાં મતદારોને આકર્ષવા માટેનો એક અનોખો પ્રયાસ માલપુર તાલુકાના ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવ્યો હતો અને નરેન્દ્ર મોદીના હમસકલ કર્ણાટકના રહીશ સદાનંદ નાયકે ભાજપ ની જીત નો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નરેન્દ્ર મોદીની હમ સકલ ધરાવતા સદાનંદ નાયકે અરવલ્લીના માલપુરમાં પ્રચાર અર્થે આવીને ખૂબ ખુશી વ્યક્ત કરી હતી

### જેમનો મત પવિત્ર છે તો એમનો વરઘોડો કેમ અટકાવાય...!!

## અરવલ્લીમાં સ્માર્ટ વિલેજ કરતા રીયલ વિલેજની વધુ જરૂર : ચંદ્રકાન્ત પટેલ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી અનુસુચિત જાતિ સમાજના વરઘોડા પર કેટલાક જાતીગત માનસિક્તા થી પીડાતા અસામાજીક તત્ત્વો હુમલો કરી રહ્યા હોવાની ઘટનાઓ સતત બની રહી છે ત્યારે અરવલ્લી જીલ્લામાં સામાજીક સમરસતાના સંયોજક ચંદ્રકાન્ત પટેલે જીલ્લામાં સ્માર્ટ વિલેજ નહીં હોય તો ચાલશે પણ ધ રીયલ વિલેજ હોવું જરૂરી છે ના કોન્સેપટ સાથે આગળ વધી રહ્યા છે

જેમનો મત પવિત્ર છે તો એમનો વરઘોડો કેમ અટકાવાય ? સમગ્ર ગુજરાત માં છેલ્લા કેટલાક સમય થી જાતિવાદી વિષમતાઓ વધી રહી છે.કેટલાક ગામો માં જાહેર રસ્તાઓ પર અનુસુચિત જાતી ના વરઘોડા રોકવાની તો ક્યાંક જાનૈયા પર પથ્થરમારો જેવી ઘટનાઓ વધી રહી છે જે ખુબ જ ચિંતાજનક છે.આ પ્રકારે ગામ માં ઉભા થયેલા વેરઝેર આવનાર પેઢી માટે ખુબ જ ગંભીર પરિણામો લાવી શકે છે.

અરવલ્લી જીલ્લા સામાજિક સમરસતા સંયોજક ચન્દ્રકાન્તભાઈ પટેલ શું કહે છે

"હાલ ચૂંટણી નો માહોલ ચાલી રહ્યો છે ત્યારે ઉમેદવારો દ્વારા ચુટણી પ્રચાર ના પેમ્પલેટ માં લખ્યું હોય છે કે "આપનો કીમતી અને પવિત્ર મત અમને આપી અપાવી વિજયી બનાવો"..જેમનો મત પવિત્ર હોય એવી સજ્જન વ્યક્તિ નો વરઘોડો કેમ અટકાવાય ? જેમનો મત પવિત્ર હોય એમનું દિલ પણ હમેશા પવિત્ર હોય છે.આમ ચુંટણી માં ઉભા ઉમેદવારો એ પણ વચનબદ્ધ થવું જોઈએ અને સંકલ્પ લેવો જોઈએ " હું જીતું કે હારું હું મારા ગામ ને જાતિવાદી વિષમતાઓથી દુર કરી ધ રીયલ વિલેજ બનાવીશ".વધી રહેલી જાતિગત વિષમતાઓ ને દુર કરવા માટે અરવલ્લી સામાજિક સમરસતા સમિતિ દ્વારા "ધ રીયલ વિલેજ" નો કોન્સેપ્ટ મૂકવમાં આવ્યો છે જે અંગે વધુ માહિતી માટે તેમના મોડાસા બાયપાસ રોડ પર આવેલા સહયોગ પેટ્રોલ પમ્પ પર સામાજીક સમરસતા કાર્યાલય શરૂ કરવામાં આવ્યું છે

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા ગ્રુપ "મારું અમદાવાદ"






મારી ડાયરીનું પાનું...
ભવ્ય અમદાવાદ

૧૯૭૫ નવનિર્માણ પછીનો સમય,મે અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.આમતો અમદાવાદ મારે માટે ફરવા જવાનું એક સ્થળ, ખાસ કરી મોસાળ ચાણસ્મા જતાં વચ્ચે આવતું એક ઐતિહાસિક સ્થળ. કર્ણાવતીને નામે જાણીતું સ્થળ. પિતાજીના કુમાર સામાયિકની એક ઓફિસ ત્યાં, બીજી રીતે જોવા જાઉં તો ઘણાં સંબંધીઓ પણ ત્યાં. મારે માટે તે ભૂમિ બની શિક્ષણભૂમિ. ક્યારેય ને ક્યાંય માતા પિતા વિના રહેવાનું વિચાર્યું પણ નહોતું. એ અમદાવાદમાં મે ભોજે વિદ્યાભવનમાં ઈન્ડિયન કલચરમાં એમ.એ કરવા જઈ પહોંચી.

રહેવાને ઓટલો ને ખાવા રોટલો જરૂરી હતો ને તે માટે સખી પલ્લવીને ત્યાં મા ને ભાઈની (નરહરી જાની)ડની છત્રછાયા મળી.અમદાવાદ્ ઘણું બધુ આપ્યું. ન લાગ્યું કે હું કોઈ અમદાવાદીને ત્યાં ઉતરી..ખરેખર મા બાપ ભાઈ ભાંડુની કોઈ કમી ન રહી. બે વર્ષ ખૂબ સંઘર્ષ કર્યો.

ઈક્રમ ટેક્ષની બાપુની મૂર્તિ કે ગુજરાત વિદ્યાપીઠની લાઇબ્રેરી કે ભો.જે વિદ્યાલયના સાહેબો સર્વે
પોતાના લાગ્યા.મારું પ્રિય સ્થળ ગાંધીઆશ્રમ સાબરમતીને કિનારે સ્થિત સુંદર જોવા લાયક જગ્યા, બીજું સ્થળ સુભાષબ્રીજની નીચેનાં પગથિયાં મારી એકલતાનાં સાથી..ને રોજ બપોરે સાબરમતીથી આશ્રમરોડ સુધીની સાયકલીંગ તો પાછા ફરતાં સુમસામ રસ્તા પરનો ડર..એવી આ ભૂમિ એટલે અમદાવાદ.

કાંકરિયા તળાવની અત્યારની બદલાયેલી સૂરત ભવ્ય અમદાવાદની સાક્ષી પૂરે છે.એ અમદાવાદ એટલે એક જમાનામાં જ્યા મિલોને તેનાં કાપડ ઉદ્યોગનું માનચેસ્ટર કહેવાતું શહેર. ગુજરાતની રાજધાની એટલે કર્ણાવતી ને પછી અમદાવાદ..સીદી શૈયદની જાળી,હટીસિંગના જૈન દેરાસર,જામા મસ્જિદ, ત્રણ દરવાજા, ભદ્રકાલી મંદિર,રાનીનો હજીરો,માણેક ચોક,
રિલીફ રોડ, લાલ દરવાજા, લક્કડબ્રીજ, ઝૂલતો મિનારો,
વિક્રમ સારાભાઈ સ્પેશ મ્યૂઝિયમ..કેમ્પ હનુમાન..જાત જાતની મોગલોની મસ્જિદ ને અડાલજની વાવ..ઝેવિયર્સ હોસ્ટેલમાંથી દેખાતું ડ્રાઈવઈન સિનેમા.,લો ગાર્ડનનું શોપિંગ અરે પેલો રબારી ભરતનો થેલો..ઘણું બધું છે નહિ...પણ આજના અમદાવાદની ત્રણ ચીજ મને બહુ જ આકર્ષે છે તે છે પતંગોની હરિફાઈ નરેન્દ્ર મોદીની સુંદર ભેટ, રંગબેરંગી ફૂલોનું પ્રદર્શન અને મારા સંઘર્ષને યાદ કરાવતો આશ્રમ રોડ પરની એ મારી કોલેજનું પ્રાંગણ.ખાવા પીવાનો શોખ ઓછો પણ પહેલવહેલી એક્સપ્રેસો કોફી પીધી નટરાજ થિયેટરની, પુરોહિતની પચ્ચીસપૈસાની મટર સેન્ડવીચથી પેટ ભરાય જતું.હન્ડલૂમ હાઉસમાંથી શોપિંગ કરવું ને રોજ છ માઈલ આવવાનું ને છ માઈલ જવાનું સાયકલિંગ કરી અમદાવાદ ફરી વળવાનું...વાહ મિત્રો સાથેની એ છાનામાના અજંટા થિયેટરમાં સિનેમા જોવાની ને વડીલોનાં હાથે પકડાય જવાની મજા એ જ અમદાવાદમાં કરી છે.આ જ તો આજે અમદાવાદનાં સ્થાપના દિવસે ઉભરાય આવ્યું.

પરિમલ ગાર્ડનની મીઠી સુવાસ, ને મારા મનગમતા સાહિત્યકારોનું એ અમદાવાદ આજે તેના સ્થાપના દિવસની જાહોજલાલીમાં મળી જતાં મારા એ પરસેવાનાં શ્વેદ બિંદુ ક્યાંક ને ક્યાંક મને આકર્ષે છે ને હું દોડી આવું છું તારા એ સુંદર રિવરફ્રન્ટ પર લટાર મારવા..હવે તો નવીન વિકસિત અમદાવાદ છે પણ ત્યાં મારા જુવાનીનાં દિવસની મીઠી યાદો પણ છે..ગુમાવેલા મિત્રોની યાદો છે.. પાટનગર ગાંધીનગર નું વર્તમાનપત્ર ન્યુઝ ઓફ ગાંધીનગરમાં મળેલ લાડને પ્રેમ પણ છે...ખૂબ ખૂબ શુભેચ્છા એ વિકસિત શહેરને અને અંભિનંદન...
જયશ્રી પટેલ

------------------------------------------

## NOG SS No:082

છેલછબીલો અમદાવાદી
અમદાવાદની સાંકડી ગલી ,
એમાં રહેતા સૌ અમદાવાદી,
ગીચ પોળોમાં હસતાં રમતાં,
ઓટલેબેસતા સૌ અમદાવાદી.
તહેવારોની મોસમમાં ખુશીની,
છોળો ઉડાડતા અમદાવાદી.
કરકસરમાં દુનિયાને પછાડી
ભાવતાલમા શ્રેષ્ઠ અમદાવાદી.
સીટીએમ, ભદ્ર, સીજી રોડમાં
ટહેલતામાલામાલ અમદાવાદી
ટાગોર હોલમાં નાટક જોતા,
ખુશ મિજાજી અમદાવાદી.
નવરાત્રિનાં નવ દિવસે ખુશીથી
ઝૂમતા ચારેકોર અમદાવાદી.
રાત્રે ખાણીપીણીની લારી પર,
ઝટપટ આરોગતા અમદાવાદી.
ઉત્તરાયણમાં કિકિયારીઓ,
કરતા બુઢાજવાન અમદાવાદી.
ઠાકોરજીની રથયાત્રામાં ,
મન મૂકી જયનાદ કરે અમદાવાદી.
નવું અમદાવાદ જૂના નગરને,
રાખી ઓળખ આપે ,
છેલ છબીલો અમદાવાદી.
ડો અનિરુદ્ધ વ્યાસ, નડિયાદ

------------------------------------------

## NOG SS No : 0048

અમદાવાદ વર્ષગાંઠ વિશેષ
શીર્ષક - મારું અમદાવાદ
સાબરમતીનાં કિનારે, વસેલું આ શહેર,
અહમદશાહ બાદશાહનું,
સુંદર સપનું આ શહેર.
પોળોની સાંકડી શેરીઓમાં,
સંબંધોનો અનેરો વૈભવ,
બંગલાઓની જાહોજલાલીમાં,
છલકાય શ્રીમંતાઇનો ગવે.
પૂવે-પશ્ચિમ વિસ્તારને જોડે,
નદી પરનાં વિવિધ પુલ,
સાબરમતી આશ્રમ એટલે, ગાંધી વિચારોની સ્કૂલ.
"પતંગ" હોટેલનાં ઝરૂખે,
શહેરનો અદ્ભૂત નજારો,
કોટવિસ્તારની શાન છે,
સીદી સૈયદની જાળીને ઝૂલતો મિનારો.
ભદ્રકાળીનાં મંદિરનું આંગણ,
સાથમાં એક અનોખું બજાર,
રાત પડે ધમધમે,
માણેકચોકનું ખાણી-પીણી બજાર.
લો-ગાડેનની ખાઉગલીમાં,
ઊભરાય માનવ મહેરામણ,
ચાહે હોય નવરાત્રિ-દિવાળી,
કે પછી નાતાલ ને ઉત્તરાયણ.
પરિમલ ગાર્ડનનાં સાનિધ્યમાં,
પાંગરેલું "કદંબ સેન્ટર ફોર ડાન્સ",
રંગમંચ અને કલાનાં ક્ષેત્રમાં,
શહેરનો હરણફાળ વિકાસ.
નવવર્ષની પૂર્વસંધ્યાએ ઝગમગે, સી.જી. રોડ ને એસ.જી. રોડ,
પુસ્તકમેળાનાં વાતાવરણ,
જેવો આ ગાંધીરોડ.
પોળોનો ઇતિહાસ જાણવા,
યોજાય છે "હેરિટેજ વોક",
રિવરફ્રન્ટ પર માણે, લોકો "મોર્નિંગ" અને "ઇવનિંગ વોક".
લાલ બસોનું ટર્મિનલ ,
એટલે લાલ દરવાજા,
અનોખી ને અવનવી વસ્તુઓનું બજાર,
એટલે ત્રણ દરવાજા.
નગીનાવાડી ને કાંકરિયા તળાવ, છે મણિનગરની શાન,
સાયન્સ સિટી અને ઇસરો,
કરાવે વૈજ્ઞાનિકોની ઓળખાણ.
ઉદ્યોગોના વિસ્તારનો વ્યાપ,
એટલે વટવા, નરોડા અને નારોલ,
યુનિવર્સિટી વિસ્તાર છે, શૈક્ષણિક સંસ્થાઓનું સંકુલ.
કટિંગ ચાય ને મસકાબન, સાથે જામે મિત્રોની મહેફિલ,બી.આર.ટી.એસ. ની સવારી, પછી આવી રહી છે મેટ્રોરેલ.
વી.એસ. અને સિવિલ હોસ્પિટલ, શહેરનાં આરોગ્યધામ,કર્ણાવતી નગરી છે એનું બીજું નામ.
આ મારૂં અમદાવાદ છે, અને હું અમદાવાદી છું,
"પ્રીત"ભરી ખુશહાલ જિંદગી માટે, હું એની આભારી છું.
પ્રકૃતિ શાહ "પ્રીત"

------------------------------------------

## NOG SS No : 0089

પ્રકાર : ગદ્ય
શીર્ષક : " આજ અમદાવાદ "
રેખા શુકલ - અમેરિકા
અમે નીકળી પડ્યા અમદાવાદની સફરે.
સીટી ઓફ જોય : આપણું અમદાવાદ
૧ - દિલીપ ધોળકિયા માર્ગ
માનસી ચાર રસ્તાથી વસ્ત્રાપુર તળાવ તરફ જતો માર્ગ એટલે દિલીપ ધોળકિયા માર્ગ. સંગીતકાર દિલીપ ધોળકિયા આપણી ભાષાના ઉત્કૃષ્ટ સંગીતકાર હતા..
૨ - ક્ષેમુ દિવેટિયા એમ્ફિથિયેટર.
વસ્ત્રાપુરનું તળાવમાં જે વિશાળ એમ્ફિથિયેટર તેનું નામ ક્ષેમુ દિવેટિયા એમ્ફિથિયેટર છે.
તેઓ ગુજરાત ગૌરવ પુરસ્કૃત નિવડેલા સંગીતકાર હતા જેમણે કાવ્યસંગીત અને વૃન્દગાનને લોકપ્રિય કર્યું .
જાણીતી ફિલ્મ : 'કાશીનો દીકરો'
૩ - 'શ્રી અવિનાશ વ્યાસ ચોક'
પંચવટી ચાર રસ્તા પર સીજી રોડ બાજુ વાળો ત્યાં આ ચોક આવેલો છે.
અવિનાશ એટલે આપણી ભાષાના સર્વાધિક લોકપ્રિય કવિ અને સ્વરકાર.
લોકપ્રિય રચના : માડી તારું કંકુ ખર્યું
૪ - ઉમાશંકર જોશી માર્ગ
સી.જી રોડ પર મીઠાખળી પાસે આવેલો છે ઉમાશંકર જોશી માર્ગ.
ઉમાશંકર જોશી ગુજરાતી સાહિત્યના જ્ઞાનપીઠ પુરસ્કૃત પ્રખર કવિ અને લેખક હતા.
જાણીતી રચના : નિશીથ
૫ - 'સુંદરમ્ ચોક'
સ્વસ્તિક ચાર રસ્તાને નામ આપવામાં આવ્યું છે સુંદરમ્ ચોક.
ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ' આપણી ભાષાના કવિ , વાર્તાકાર અને વિવેચક હતા.
જાણીતી કૃતિ : કાવ્યમંગલા
૬ - 'રાસબિહારી દેસાઈ ચોક'
ગુજરાત કોલેજ સામે માદલપુર ગામ તરફ વળો ત્યારે રસ્તાની એક તરફ ગુજરાત કોલેજ સામે છે આ ચોક.
રાસબિહારી દેસાઈ ચોક તેઓ સુગમ સંગીત ના ઉત્તમ સ્વરકાર અને ગાયક હતા.
જાણીતી રચના : આજ મેં તો મધરાતે સંભાળ્યો મોર.
૭ - ' શ્રી ધૂમકેતુ માર્ગ'
પાલડી વિસ્તારમાં વિકાસગૃહનો રસ્તો છે જેને બધા વિકાસગૃહ રોડના નામથી જ ઓળખે છે પણ તેનું મૂળ નામ છે'શ્રી ધૂમકેતુ માર્ગ.
ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ' ગુજરાતી નવલિકાના પ્રણેતા અને ઉત્તમ લેખક હતા.
જાણીતી વાર્તાઓ : રાજપૂતાણી , પોસ્ટ ઓફિસ
૮ - 'કવિ નાન્હાલાલ બ્રિજ'
ટાઉનહોલની સામે કર્ણાવતી આર્ટ ગેલેરીથી છે ત્યાંથી શરુ કરીને એલિસબ્રિજનાં છેડે નીકળતા સર્પાકાર ઓવરબ્રિજનું નામ 'કવિ નાન્હાલાલ બ્રિજ' છે
તેઓ આપણી ભાષાના વિદ્વાન કવિ હતા. ભારતીય ટપાલ ખાતા દ્વારા તેમની ટિકિટ બહાર પાડવામાં આવી છે.
૯ - 'કવિ દલપતરામ ચોક'
ઝવેરીવાડ રીલીફરોડની પાસે લાંબેશ્વરની પોળમાં આ ચોક આવેલો છે જ્યાં કવિ શ્રી દલપતરામની પ્રતિમા પણ મુકાઈ છે.
આપણી ભાષાને લોકપ્રિયતા અપાવનાર પ્રથમ પંક્તિના પ્રખર કવિ એટલે દલપતરામ 'ઊંટ કહે આ સમા માં ' એ તેમનું જગ વિખ્યાત કટાક્ષ કાવ્ય છે.
૧૦ - ' કવિ અખા ભગત'
ખાડિયા વિસ્તારની દેસાઈની પોળમાં 'કવિ અખા ભગત'ના નામની ચોક આવેલો છે. આજ સ્થેળ તેમની પ્રતિમા પણ છે.
સમાજ સુધારક આ કવિ આખો તેમનાં છપ્પા માટે ખુબ જાણીતા છે.
જાણીતો છપ્પો:
એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ...
૧૧ - ' શ્રી ઝવેરચંદ મેઘાણી ચાર રસ્તા'
મેઘાણીનગર પોલીસ સ્ટેશનથી કલાપીનગર જવાના રસ્તે આ ચાર રસ્તા આવે છે.
ઝવેરચંદ મેઘાણી ના નામથી જે અપરિચિત હોય એ ગુજરાતી નથી .
સૌરાષ્ટ્રની રસધાર અને ચારણ કન્યા એ એમની અતિ લોકપ્રિય કૃતિ છે
Happy Birthday અમદાવાદ
મનગમતી મસ્તીનું શ્હેર અમદાવાદ
અલબેલી વસ્તીનું શ્હેર અમદાવાદ
તારું ને મારું આ શ્હેર અમદાવાદ
સૌનું છે પ્યારું આ શ્હેર અમદાવાદ
હાથોમાં એનાં છે મહેંદીની ભાત સમી
સીદી સૈયદની કોતરણી
રોશનીથી ઝગમગતું કાંકરિયા ન્હાી જાણે
એનાં રે નાક કેરી નથણી
માણેકચોક એનું દિલ બની ધડકે ને
C G Road મન બની મહેકે
મિલોની જીૌહિ ને વાહનનાં Horn રોજ
એનો અવાજ બની ગહેકે
ભદ્રકાળીની છે મ્હેર અમદાવાદ
ખાણીપીણી ને લીલાલ્હેર અમદાવાદ
તારું ને મારું આ શહેર અમદાવાદ
સૌનું છે પ્યારું આ શહેર અમદાવાદ
Googleની Site પર લાગે છે મોટું
પણ દિલમાં સમાય એવું નાનું
High Rise Buildingsની ગોઠવણી એવી
જાણે ઊભું છે ખાના પર ખાનું
બાર બાર દરવાજા, દેરાં, હવેલી
જાણે જીવતાં નખશીખ કોઈ ચિત્રો
કીટલીની પહેલી મુલાકાતમાં જ તમને
મળી જાય કાયમનાં મિત્રો
નિત નવાં રંગોનું શ્હેર અમદાવાદ
ઊડતાં પતંગોનું શ્હેર અમદાવાદ
તારું ને મારું આ શ્હેર અમદાવાદ
સૌનું છે પ્યારું આ શ્હેર અમદાવાદ
આ શહેરનાં Biodataમાં છે
IIM, NID, CEPT જેવી Degree
Fashion,Textile કે Computer હોય
કોઈ વાત એને લાગે ના અઘરી
ISROની ખુલ્લી અગાસી પર જઈએ
તો ચાંદ હવે લાગે છે પાસે
BRTSમાં કરીએ સવારી તો
Future પણ હાથવગું ભાસે
સોનાં ને ચાંદીનું શ્હેર અમદાવાદ
સૌની આઝાદીનું શ્હેર અમદાવાદ
તારું ને મારું આ શ્હેર અમદાવાદ
સૌનું છે પ્યારું આ શ્હેર અમદાવાદ
મારે જાવું કોંકરિયા તળાવ જોવા
મારે જાવું ઝીલણીયાં તળાવ જોવા
હો મુરલ ચયો વાગે સે
એકે લોલ દરવાજે તંબુ તોણીયા રે લોલ
સીદી સૈયદ ની જાળી ગુર્જરી જોવા હાલી
કે વહુ તમે ના જશો જોવા ને ત્યાં બાદશો બડો ગુલામી (મિજાજી)
રેખા શુકલ

------------------------------------------

## NOG SS No : 0092

પ્રકાર:-પદ્ય
શીર્ષક:- અનેરું અમદાવાદ
જેની ઉષા રંગીન અને સંધ્યા લાવે સપ્તરંગી લાલી છે,
એ મારા અમદાવાદની ભૂમિ મને ખૂબ વ્હાલી છે.
અહીં સસલું પણ શ્વાનને નસાડે છે,
આતતાયીઓને સાચો રસ્તો દેખાડે છે,
"સાબરમતીના સંતની અહીં જાહોજલાલી છે,
એ મારી અમદાવાદની ભૂમિ મને વ્હાલી છે.
આ શહેર, રાત-રાત જાગે છે,
પુરોહિત, ચેતના અને ચંદ્રવિલાસનો ઠસ્સો હજુંય માંગે છે,
જ્યાં અડધી ચ્હા હજુય રકાબીમાં ઠાલી છે,
એ અમદાવાદની ભૂમિ મને વ્હાલી છે.
જેણે વિશ્વને અહિંસાના મૂલ્યો શીખવ્યા છે,
સહુંથી વિશાળ સ્ટેડિયમ,સીદી સૈયદની જાળી અને
રિવરફ્રન્ટની સુંદરતા આપી છે,
જેણે શૈક્ષણિક ક્ષેત્રે પણ મોખરાની સંસ્થાઓ આપી છે,
એ મારી અમદાવાદની ભૂમિ મને વ્હાલી છે.
જેણે સાબરમતીના પાણી પીધા છે,
એણે નવા ચીલા ચાતરી દીધા છે,
અહીં વિશ્વનાથ આનંદ અને પાર્થિવ પટેલની વાત નિરાળી છે,
એ મારી અમદાવાદની ભૂમિ મને વ્હાલી છે.
અહીં સ્ત્રીઓ-યુવતીઓ નિર્ભય થઈ મ્હાલે છે,શેર બજારની રંગતથી શહેરનું
અર્થતંત્ર ચાલે છે,
અહીં "એકતામાં અનેકતા" ફૂલે-ફાલે છે,
એ મારી અમદાવાદ ની ભૂમિ મને વ્હાલી છે.
અલકા નવિનચંદ્ર મહેતા ગાંધીનગર.

------------------------------------------

## NOG SS NO-0091

પ્રકાર: પદ્ય
શીર્ષક: ગુજરાતની જાન અમદાવાદ
વટ્ કરીને હું કહેતી, હું છેલ છબીલી ગુજરાતી.
ગુજરાતણ હું ખરીને, ખરી અમદાવાદી.
વાત કરું આ શહેરની, અજબ ગજબ કહાની.
મસ્તમજાનું ખાવું-પીવું, મજા છે ફરવાની.
રાણીનો હજીરો ને, સીદીસૈયદની જાળી.
જોવાલાયક છે આ, દુનિયાની અજાયબી.
કાલુપુર મણીનગર ને અડગ શાહીબાગ.
નોકરી ધંધા ને ખરીદીનું છે અલગ બજાર.
કાંકરિયા ને રિવરફ્રન્ટ અમદાવાદની શાન.
સાયન્સ સીટી ને ઈસરો છે જગમાં ખૂબ વિખ્યાત.
લાલ દરવાજા, ત્રણ દરવાજા કેટકેટલાં દરવાજા.
બાગ-બગીચા પણ કેટલાંય છે ફરવાનાં.
સાબરમતી ને નર્મદા સાથે વહેતી જાય.
ગોળ ફરતી પતંગ હોટલ અહીં છે દેખાય.
રથયાત્રા તાજીયા ને ઝુલૂસ ઝુલેલાલ.
મંદિર મસ્જિદ ને આશ્રમો અહીં છે અપાર.
મિલો કારખાનાં ને ઉદ્યોગોથી ધબકતું અમદાવાદ.
પુલ,પોળો ને વિદ્યાપીઠોથી શોભે અમદાવાદ.
દાળવડા ને ખમણ ઢોકળાં અહીંના છે વખણાય.
અરે જીલ ના ભજીયા ખાઈને કજિયા ભૂલી જવાય.
કરકસરને ત્રીજો ભાઈ માને છે અમદાવાદ.
એક ચાના ત્રણ કટીંગ કરે અમદાવાદ.
સંસ્કારોને સંસ્કૃતિની ધરોહર અમદાવાદ.
નારીની સુરક્ષા માટે જાગૃતિ અમદાવાદ.
શબ્દો ખૂટે છે મારાં વખાણ કરતાં આજ
બધા કરતાં અલગ મારું છે અમદાવાદ.
રંગબેરંગી, હરિયાળું ને મહેકતું અમદાવાદ.
ધમધમતુ ને ધબકતું, છે ગુજરાતની જાન.
જિજ્ઞાસા યુ જોષી, " શુક"

------------------------------------------

## NOG SS No :- 0044

પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- અમદાવાદની મીઠી યાદ.
અમદાવાદનાં જન્મદિવસે અઢળક મીઠી વહાલભરી શુભેચ્છાઓ.

ભલે રહું હું બિલીમોરા પરંતુ અમદાવાદ મારું માનીતું.૧૯૭૨/૭૩ માં હું અમદાવાદ હતી,મામાનાં ઘરે.મામાનું ઘર એટલે માનીતું જ હોય ને!

રિલીફ રોડ,રિલીફ ટોકીઝની બાજુમાં સસ્તું કિતાબ ઘર, જેમાં મેં પહેલવહેલી નોકરી કરી.વાંચન મારો શોખ, મને મઝા આવતી.

અમદાવાદ જવાનું ધ્યેય હતું, કોમ્પ્યુટર શીખવાનું.પ્રવેશ ના મળ્યો.પ્રવેશ મળે ત્યાં સુધી બેસી રહેવા કરતાં કંઈક કરવું,આને નોકરી મળી ગઈ.સાથે પ્રોડ્કટિવીટી કાઉન્સિલ તરફથી ચાલતા અભ્યાસક્રમમાં ઓફિસ મેનેજમેન્ટમાં પ્રવેશ લીધો.

સવારે ૬ વાગ્યે નીકળી સાંજે ૬ વાગ્યે પરત પછી ટાઈપ ક્લાસમાં.મારી પાંસે સાયકલ હતી એટલે આ બધું શક્ય બન્યું.

અમદાવાદમાં ત્યારે જાણીતાં ચાર જ પૂલ.એ બધાં જ પૂલ, લાલદરવાજા,કેમ્પનાં હનુમાન, ઝૂલતાં મિનારા, કાંકરિયા, જેવાં તમામ જોવાલાયક સ્થળો મેં જોયાં છે.ગુજરાત યુનિવર્સીટી,અટીરા તો વળી માત્ર પાંચ જ રૂપિયામાં તે જમાનાની જાણીતી હોટલ પૂરોહિતનાં ભોજનનો સ્વાદ પણ માણ્યો છે.કંઈ કેટલી સ્મૃતિ તાજી થઈ ગઈ.તો વળી સાયકલ પર કેલિકો મિલની મુલાકાત પણ લીધેલી. મારા મામા ત્યાં નોકરી કરતાં.

અત્યારે લખતી વખતે નજર સમક્ષ જાણે હું ૨૧ વર્ષની નવયૌવના બનીને સાયકલ પર ઘૂમી રહી હોઉં એવો અહેસાસ થાય છે.

અમદાવાદનાં લોકો જરા પણ કંજૂસ નહીં પણ માયાળું , પ્રેમાળ લાગ્યાં.અમદાવાદનાં લોકો અને અમદાવાદ હ્દયમાં અકબંધ છે.

તો હવે ન્યૂઝ ઓફ ગાંધીનગર નાં સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલે એમનાં વર્તમાનપત્રમાં સાહિત્ય વિભાગ ફાળવી અમારી કૃતિ ફોટા સાથે રજૂ કરવાની ઉમદા તક આપી.અમે તો એમનાં લાડકવાયાં સંતાન હોય એમ આમને સર્જકોને ચમકવતો વીડિયો યુટ્યુબ પર રજૂ થાય છે.શ્રી પ્રદીપભાઈનાં જીવનસાથી મિનાક્ષીબેનની મહેનતથી.

અમદાવાદ ક્યારેય ન ભૂલાય.સલામ અમદાવાદ આવે અમદાવાદીઓને.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

------------------------------------------

## NOG SS NO- 0088

વિષય શબ્દ- અમદાવાદ સ્થાપના દિન
પ્રકાર- પદ્ય
શિર્ષક - અમદાવાદ રહે આબાદ..
જબ કુત્તે પે સસ્સા ધાયા...
અહમદશાહને શહર બસાયા..
અમદાવાદ અમારું, રહે આબાદ સદા..
રહીએ અહીં તહીં કે સર્વત્ર..
પણ વિચારોથી વખણાઈ એ સદા..
એક ચાને વધુમાં વધુ કેટલા પી શકે?
એવાં મેનેજમેન્ટના તો પાક્કા ગુરુ..
મનથી મોજીલા ને તનથી ટનાટન..
હરતા ફરતા પાછા કહીએ..
શું યાર શું ચિંતા કરે છે?
અરે પડશે એવાં દેવાશે..
હવે ક્યાં? અને કેટલા? દેવાશે.. ભગવાન જાણે..દેવાશે ખરા હો!.. અમે અમદાવાદી ના નથી હરામજાદી..
બસ ગમે છે થોડી આઝાદી..
મિજાજે! મિજાજે ખરી આઝાદી..
તેથી જ, ગાંધીજીએ આઝાદીનો દીપ..
અહીંથી જ પ્રજ્વલિત કર્યો હતો.. આવો સૌ, ખરી આઝાદી બરકરાર કરીએ..
શુભ અમદાવાદ, આબાદ રહે અમદાવાદ..
ડો. મનીષા વ્યાસ

------------------------------------------

## NOG સાહિત્ય સરિતા (૧ )
## N.o.G. S.S.0059

વિષય. અમદાવાદ.
વિભાગ ગદ્ય
શીર્ષક. અમદાવાદે વિશ્ર્વને શૂ - આપ્યુ
અમદાવાદી ની પાકી ઓળખ.
કાપડ ઉદ્યોગ ના માનચેસ્ટરની પદવી.
કલા, સ્થાપત્યનો અમૂલ્ય વારસો.
Quit India ની આગવી ઓળખ.
પંતગ ઉત્સવનો અનેરો આનંદ.
નવ નિર્માણનું નવલુ આંદોલન.
સાહિત્યની સરિતા નો અદભૂત વારસો.
મંદિર-મસ્જિદ નો વારસો.
સાબરમતી ના સંત અને નર્મદાની નમ્રતા
વિશ્ર્વના અજોડ-અનોખા સ્ટેડીયમની ભેટ.
પોળમાં પોળ અને તેની શોધખોળ.
દિવસ-રાતનો એક સમયે અહેસાસ.
ઇંટ સામે પથ્થરની અમૂલ્ય ભેટ.
કૂમાર ની અનેરી ઓળખ.
સૌથી અદકેરો તો અડધી ચા નો
અદ્ભૂત આનંદ, અને આવુતો અનેક.
વાહ અમદાવાદ શાહ અમદાવાદ.
જયકાન્ત ઘેલાણી પ્યારે'.


વૈભવી જોશી.ઓસ્ટ્રેલિયા

# રાજપીપળા પાલિકાની ૭ વોર્ડની ૨૮ બેઠકો અને ચૂંટણી માટેના પ્રચાર પડઘમ શાંત પડ્યા



રાજપીપળા,તા. ૨૬

આજે સાંજે રાજપીપળા નગર પાલિકાની ૭ વોર્ડની ૨૮ બેઠકોની ચૂંટણી માટેના પ્રચાર પડઘમ શાંત પડ્યા છે.દરેક વોર્ડમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યા પછી આજ સાંજથી પ્રચાર કાર્ય બંધ થયા છતાં મોડી રાત સુધી ખાનગી પ્રચાર પાછલે બારણેથી ચાલુ રહ્યો હતો. પેનલ વાળા ઉમેદવારોએ છેલ્લે છેલ્લે વ્યક્તિગત પ્રચાર પણ શરૂ કરી દીધો હતો. જોકે હવે ૨૮મીએ યોજાનારી ચૂંટણી માટે તંત્ર સજ્જ બન્યું છે. ૨૮ મીએ કુલ ૧૧૫ ઉમેદવારોનું ભાવિ મતદારો ઈવીએમમાં સીલ કરશે.જોકે બે દિવસ ઉમેદવારોમાં જીતશું કે નહીં તેવો ફફડાટ ફેલાયો તો પણ દરેક પાર્ટી એ પોતાનો જ ઉમેદવાર જીતવાનો દાવો કર્યા છે ત્યારે કોણ બનેગા પ્રમુખની ચર્ચા અને અટકળો પણ શરૂ થઈ ગઈ હતી. ૨૮મી તારીખે સાત વોર્ડની ૨૮ બેઠકો ઉપર કુલ ૧૧૫ ઉમેદવારોનું ભાવિ મતદારો ઈવીએમમાં સીલ કરશે. જેમાં ૭વોર્ડ ની તમામ બેઠકો પર ભાજપ ના કુલ ૨૮ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. જ્યારે કોંગ્રેસના માત્ર ૧૨ ઉમેદવાર જ ચૂંટણી મેદાનમાં છે.આમ આદમી પાર્ટીએ માત્ર ૨ ઉમેદવારો ઊભા રાખ્યા છે.જ્યારે બીટીપી એક માત્ર સમ ખાવા પૂરતો એક જ ઉમેદવાર ઊભા રાખ્યા છે. આમ રાજપીપળા નગરપાલિકાના ભાજપના ૨૮, કોંગ્રેસના ૧૨,આપના ૨, બીટીબીના એક અને સૌથી વધારે અપક્ષના ૬૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.આમ આ વખતે ભાજપ સીધી ટક્કર અપક્ષ સાથે થશે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ટિકીટ નહિ મળતા નારાજ થયેલ મહિલાને અપક્ષ ઉમેદવારી પછી ખેચી લેતા ઇનામ મળ્યુ

રાજપીપળા, તા. ૨૬

એક તરફ રાજપીપળા નગરપાલિકા અને જિલ્લા તાલુકા પંચાયત નર્મદામા ટિકીટ ન મળતા નારાજ થઇ ને બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનારા ૮ જેટલા કાર્યકરો સામે પાર્ટી એ શિસ્તભંગ ની તલવાર ઉગામી પાર્ટી માથી ૬વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા પછી પાર્ટી મા બળવો કરીને ઘર મા પાછા આવી જનાર અને બીજીવાર ટિકિટ ન માંગી ચૂંટણી ન લડતા નવા ઉમેદવાર ને તક આપનાર એવી બે મહિલા કાર્યકરોને પાર્ટીએ નવા હોદ્દા આપી ઇનામ પણ આપ્યુ છે.

જેમા મનીષાબેન દિવ્યેશભાઈ ગાંધી અને જીગીશાબેન રશ્મિકાન્તભાઈ ભટ્ટ બન્નેને મંત્રી.ભાજપા.નર્મદા તરીકે ની નવી જવાબદારી સોંપી છે આ અંગે જિલ્લા ભાજપા પ્રમુખ ઘનશ્યામ પટેલેજણાવ્યુ હતું કેભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ચૂંટણી સમિતિ ના નિર્ણય મુજબ જે હોદ્દેદારા ચૂંટણી લડતા હોય અથવા એમના પરિવારમાથી કોઈ વ્યકિત ચૂંટણી લડતા હોય તો સગઠન ની જવાબદારી માંથી રાજીનામુ આપી તાત્કાલિક અસરથી એ જગ્યા ભરવાની હોયતેમની જગાએભારતીય જનતા પાર્ટી નર્મદાની જિલ્લાની ટીમમાંઆ બે મહિલા ને મંત્રી તરીકે ની જવાબદારી આપવા મા આવી હોવાનુ જણાવ્યુ હતું.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ગુજરાત વિધાનસભા કવરેજ કરવા ઈચ્છતા મિડીયા કર્મચારીઓએ કોરોનાનો રેપીડ ટેસ્ટ કરાવવો ફરજીયાત




ગુજરાત વિધાનસભાનું આગામી બજેટ સત્ર તા.૦૧લી માર્ચ-૨૦૨૧થી યોજાનાર છે. આ સત્રાના કવરેજ માટે આવનાર મિડીયાના મિત્રો એ વિધાનસભા ખાતેથી પ્રવેશપાસ રાબેતા મુજબ ની જે વ્યવસ્થા છે એ રીતે કઢાવી લેવાના રહેશે.રાજયમાં પ્રવર્તી રહેલ કોરોનાની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈને વિધાનસભા સત્રનું કવરેજ કરવા ઈચ્છતા મીડિયાના મિત્રોએ કોરોનાનો રેપિડ ટેસ્ટ કરાવ્યો હોય તેમને જ પ્રવેશ આપવાનો ગુજરાત વિધાનસભા દ્વારા નિર્ણય કરાયો છે.સૌ મિડીયાના મિત્રોએ પોતાની રીતે કોરોના માટેનો રેપિડ ટેસ્ટ તા. ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ કરાવ્યા બાદ ટેસ્ટીગનો રીપોર્ટ મેળવી પોતાની સાથે રાખવાનો રહેશે. નેગેટીવ રીપોર્ટ હશે તેમને જ પ્રવેશ મળશે. સાથે સાથે યોગ્ય સોશ્યલ ડિસ્ટન્સ સહિતના તમામ પ્રોટોકોલનું પણ પાલન કરવા ગુજરાત વિધાનસભા દ્વારા સૂચના આપવામાં આવી છે. તદુપરાંત વિધાનસભાની પ્રેસ ગેલેરીમાં એક ડેસ્ક પર એક મળી મહત્તમ ૨૫ની સંખ્યામા મિડિયાના મિત્રો એક સમયે બેસે એવી સૂચના પણ વિધાનસભા દ્વારા મળી છે સૌ મિડીયા કર્મીઓએ ઓલ્ટરનેટ સંકલન કરી બેઠક વ્યવસ્થામાં સહયોગ આપવા આગ્રહ પૂર્વક વિનંતી છે જેથી કોઈ અગવડતા ન પડે.

ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ

# આમંબલીયારા પોલીસે લીંબ ગામે જાન પર હુમલો કરનાર ૯ અસામાજીક તત્ત્વો જેલના સળિયા પાછળ ધકેલી દીધા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી અનુ.જાતિ સમાજના વરઘોડા પર હુમલાઓના બનાવો વધી રહ્યા છે બાયડ તાલુકાના લીંબ ગામે અનુ.જાતિ યુવતીના લગ્નમાં કપડવંજના તેલનાર ગામેથી આવેલી જાન ગામના ચોકમાં નાચગાનમાં મશગુલ હતી ત્યારે ગામના કેટલાક જાતીગત માનસીકતાથી પીડાતા અસામાજીક તત્ત્વોએ પથ્થરમારો કરતા ભારે નાસભાગ મચી હતી યુવતીના પરિવારજનો દોડી આવ્યા હતા અને અસામાજીક તત્ત્વોને સમજાવતા લાજવાને બદલે ગજાવા લાગ્યા હતા અને હવે થી તમારે લગ્નમાં માથે ફેંટો બાંધવો નહીં અને ડીજે કે બેન્ડ વગાડવા નહીં કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જાનૈયા પર હુમલો થતા તાબડતોડ આમંબલીયારા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી જીલ્લા પોલીસ કાફલો ખડકી દીધો હતો અને પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી યુવતીના લગ્ન રંગેચંગે કરી જાન પરત મોકલ્યા પછી યુવતિના ભાઈની ફરિયાદના આધારે ૯ શખ્સો સામે ગુન્હો નોંધી ગણતરીના કલાકોમાં દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

આમંબલીયારા પોલીસે જાન પર હુમલો કરનાર ૯ શખ્સો સામે નામજોગ અને ટોળા સામે એટ્રોસીટી અને રાયોટીંગનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા આમંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ રૂપલ ડામોર અને તેમની ટીમે એટ્રોસીટી અને રાયોટિંગનાં ગુન્હાના આરોપીઓને ઝડપી પાડવા કોમ્બિંગ હાથધ હતું જાન પર હુમલો કરનાર હુમલાનો મુખ્ય આરોપી સંજયસિંહ બેચરસિંહ ચૌહાણ ફરાર થઇ ગયો હતો પોલીસ બાતમીના આધારે રોઝડ તરફથી આવતા રોડ પરથી દબોચી લીધો હતો તેમજ અન્ય શૈલેશસિંહ દેવુસિંહ ચૌહાણ,હિતેશ સિંહ બકુસિંહ ચૌહાણ,પ્રવિણસિંહ ધુળસિંહ ચૌહાણ,સંજયસિંહ ઝિંદુસિંહ ચૌહાણ,યુવરાજસિંહ પ્રતાપસિંહ ચૌહાણ,ઈંદ્રરાજસિંહ બહેચરસિંહ ચૌહાણ,વિજયસીંહ ભારતસિંહ ચૌહાણ,માનસિંહ અદેસિંહ ચૌહાણ નામના આરોપીઓને ગામમાંથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા પોલીસતંત્રાની અસામાજીક ત્તત્વો સામે શખ્ત કાર્યવાહી કરતા લોકોમાં ભારે આવકાર મળ્યો હતો

# રાજપીપળા નગરપાલિકા અને જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીમા ભાજપના કાર્યકરોએ બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનાર ૮ કાર્યકરોને ૬ વર્ષ માટે પક્ષમાથી સસ્પેન્ડ કરતા ચકચાર

રાજપીપળા તા ૨૬

રાજપીપળા નગરપાલિકા અને જિલ્લા તાલુકા પંચાયત ની ચૂંટણીમા ભાજપના કાર્યકરોને ટિકીટ ન મળતા બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનાર ૮ કાર્યકરોને ૬ વર્ષ માટે પક્ષ માથી સસ્પેન્ડ કરતા ચકચારમચી જવા પામી છે. જિલ્લા ભાજપા પ્રમુખ ઘનશ્યામ પટેલે તમામને પ્રાથમિક સભ્ય તથા સક્રિય સભ્ય પદ પર થી દૂર કરી દેતા ભાજપા પાર્ટીમા શિસ્તમા નહિ રહેનારને ઘરનો દરવાજો બતાવી દઈ અન્ય કાર્યકરોને પણ શિસ્તબધ્ધ રહેવા નો મેસેજ પણ આપી દીધો હતો. જેમા જિલ્લા પ્રમૂખે જણાવ્યુ હતું કે હાલ સ્થાનિક સ્વરાજ ચુંટણી ચાલી રહી છે. જેમાં કેટલાક લોકો પક્ષની વિચારધારાથી વિપરિત જઈને પક્ષવિરોધી કામ કરી રહયા છે અને કેટલાક લોકો અપક્ષ મા ઉમેદવારી નોધાવી છે. આ લોકો ને પક્ષ વિરૂધ્ધ કાર્ય કરવાના કારણે ભારતીય જનતા પાર્ટી ના પ્રાથમિક સભ્ય તથા સક્રિય સભ્ય પદ પર થી છ વર્ષ (૬ વર્ષ) માટે બરતરફ (સસ્પેન્ડ) કરવામાં આવેલ છે.

જેમ

૧. મહેન્દ્રભાઈ સનાભાઈ તડવી – (જલોદરા), ૨.ગુજનભાઈ છગનભાઈ વસાવા સાગબારા - (પૂર્વ પ્રમુખ સાગબારા),૩.ખુમાનસિંહ છીડિયાભાઈ વસાવા –ટાવલ (સાગબારા),૪. કિરણસિંહ પરમાર ---- (શહેરાવ),૫.રાજુભાઈ ભલાભાઈ રોહિતી —ભદામ -(કાર્યકર્તા ભાજપા),૬.ગોવિંદ છોટાભાઈ વસાવા (શહેરાવ - તા મંત્રી સગઠન) ,૭, ઈરફાન આરબ (રાજપીપલા શહેર – લઘુમતિ મોરચા),૮, સરોજબેન તડવી- (રાજપીપલા શહેર)ને સસ્પેન્ડ કરતો પત્ર સોશિયલ મીડિયા મા વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ,રાજપીપળા

ઈંધણના વધતા ભાવની અસર: થંભી જશે ડમ્પરના પૈડાં

# ડીઝલના અસહ્ય ભાવ વધારા સામે પાટણ રેતી ટ્રક એસોસિએશનની બે દિવસની હડતાળ



દેશભરમાં કૂદકેને ભૂસકે વધી રહેલા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાની અસર અન્ય ધંધા રોજગાર પર દેખાઇ રહી છે.ડીઝલના ભાવમાં થયેલા ભાવ વધારાથી ટ્રક ચાલકોની હાલત કફોડી બનતી જઈ રહી છે.

કોરોના મહામારી બાદ વધતા જતાં ઈંધણના ભાવથી ધંધા રોજગારને બેવડો માર પડ્યો છે.ડીઝલના અસહ્ય ભાવ વધારા સામે પાટણ રેતી ટ્રક એસોસિએશન ૨૭ અને ૨૮ ફેબ્રુઆરીએ બે દિવસ હડતાળ પાડી વિરોધ નોંધાવશે.વધતા જતા ડીઝલના ભાવ સામે પોષણક્ષમ ભાવ ન મળતા આ હડતાળનો નિર્ણય લેવાયો છે.હડતાળની જાહેરાત કરતા પાટણ રેતી ટ્રક એસોસિએશને સુલેહ શાંતિ ભંગ ન થાય તે રીતે ટ્રાન્સપોર્ટ એસોસિએશનના તમામ સભ્યોને હડતાળમાં જોડાવવા અંગે કહ્યું છે.રેતી ટ્રક એસોસિએશનની હડતાળના પગલે અંદાજે હજાર જેટલાં સભ્યો કામગીરીથી અળગા રહેશે.

રેતી લીઝ અને ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા બંધ થતાં બાંધકામ વ્યવસાયને અસર પડી શકે છે.

# મોડાસામાં ભાજપની જંગી રેલી,બાયડની કોંગ્રેસનો આક્રમક પ્રચાર





અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ચૂંટણીમાં ઝંપલાવનાર ઉમેદવારો માટે રાત ટૂંકીને વેશ ઝાઝા જેવો સમય આવ્યો છે. ચૂંટણી જંગ જીતવા માટે ઉમેદવારો ઠેર-ઠેર લોક સંપર્ક કરી રહ્યા છે તો બીજી તરફ વિવિધ ઉમેદવારોના કાર્યાલયો મોડી રાત સુધી વ્યસ્ત જોવા મળી રહ્યા છે.ચૂંટણી પ્રચાર-પ્રસારના છેલ્લા કલાકોમાં ભાજપ કોંગ્રેસ સહીત અન્ય રાજકીય પક્ષોએ જંગી રેલી યોજી શકતી પ્રદર્શન કર્યું હતું મોડાસા શહેરમાં ભાજપે મતદારોને રીઝવવા જંગી રેલી યોજી હતી મોડાસા નગરપાલિકામાં AIMIM ના ૧૨ ઉમેદવારોના સમર્થનમાં રેલી યોજી હતી તો કોંગ્રેસના ઉમેદવારોએ તેમના વિસ્તારમાં રેલી યોજી શક્તિ પ્રદર્શન કર્યું હતું બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે છેલ્લા દિવસે આક્રમક પ્રચાર સાથે રેલી યોજી હતી તો ભાજપે પણ શકતી પ્રદર્શન કર્યું હતું . અરવલ્લી જીલ્લા પંચાયત,૬ તાલુકા પંચાયત તેમજ મોડાસા અને બાયડ નગરપાલિકાની ચૂંટણીના ગણતરીના કલાકો પહેલા રાજકીય પક્ષો અને ઉમેદવારોએ જંગી રેલી યોજી શકતી પ્રદર્શન કર્યું હતું મોડાસા-બાયડ શહેરમાં દિવસભર ડીજેના અવાજ ગૂંજ્યા હતા મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષોમાં ભારે હોડ જામી હતી રાજકીય પક્ષો અને ઉમેદવારોની રેલીમાં કોરોના અને ટ્રાફિકના નિયમો કોરાણે મુકાયા હતા વહીવટી તંત્ર અને પોલીસતંત્ર મૂક પ્રેક્ષક બની તમાશો જોઈ રહી હોય તેવો ઘાટ સર્જાયો હતો

સમસ્ત મહાજન દ્વારા

# રાજસ્થાનની પાંજરાપોળ, ગૌશાળા, પદાધીકારીઓ, જીવદયા કાર્યકરોનું બેદિવસીય, પ્રવાસીમેગા સંમેલન



સમગ્ર ભારતની પાંજરાપોળ–ગૌશાળા–પદાધીકારીઓ–જીવદયા કાર્યકરોનું રાજસ્થાન ખાતે બેદિવસીય, પ્રવાસી મેગા સંમેલન નું આયોજન સમસ્ત મહાજનના ગીરીશભાઈ શાહ તથા સાથી ટીમ દ્વારા કરાયું છે. આ સંમેલનમાં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ–આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌસંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા–પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ–પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, છોડ વૃક્ષ ન બને ત્યાં સુધી જાળવણી, જળ સંરક્ષણ, ખેડૂત સમૃધ્ધિ, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક–સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર–પ્રસાર સહિતના અનેકમુદા ઉપર વિસ્તૃત ચર્ચા કરાશે. ગૌશાળા સંચાલન તથા વ્યવસ્થાની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.સમસ્ત મહાજન દ્વારા ગુજરાતની ૨૪૨ પાંજરાપોળોને સ્વાવલંબી બનાવવા માટે છેલ્લા ૧૦ વર્ષથી અતિ દુષ્કર કાર્ય સમસ્ત મહાજન કરી રહયું છે. ગુજરાત તથા મહારાષ્ટ્રમાં અસંખ્ય કાર્યો કરીને બે વર્ષ અગાઉ રાજસ્થાનના બારમેર તથા જેસલમેર જિલ્લામાં ભયંકર દુષ્કાળ તથા અસંખ્ય પશુ–પક્ષીઓના વિનાશ થઈ રહયા હતાં તેવા સમયે સમસ્ત મહાજન દ્વારા ઘાસચારાની વ્યવસ્થા કરીને એક સુંદર ઉદાહરણ પુરું પાડયું છે. રાજસ્થાનમાં છેલ્લા વર્ષોમાં ૨૦ એકરથી વધારે જમીનને ડેવલોપમેન્ટ તથા ૧૦૦ થી પણ વધારે તળાવનું નિર્માણ કાર્ય કરીને જળક્રાંતિનું એક સુંદર કાર્ય કર્યું હતું. ૨૦ હજાર એકર જમીનમાં બાવળના ઝાડને જડમૂળથી કાઢીને તે જમીન ગૌચર માટે ફળદ્રુપ બનાવી છે. ૫૦૦ વર્ષસુધી ટકી રહે તેવા દેશી વૃક્ષોનું વાવેતર રાજસ્થાનના રણપ્રદેશમાં કર્યું છે.

તા. ૨૮, ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ સવારે ૧૦–૩૦ થી ૪–૦૦ કલાકે ગૌરીશંકર ગૌશાળા, રામપુરા તિવંરી, જિલ્લો જોધપુર તથા શ્રી જસનાથ આસન, પાંચલા સિધ્ધા, ખિવસર, નાગૌર જિલ્લામાં સાંજે ૬–૦૦ કલાકથી રાત્રીના ૧૦–૦૦ કલાક સુધી માર્ગદર્શન અપાશે. જેમાં યોગેશ્વર સુરજનાથ સિધ્ધ પોતાના આર્શીવચન આપશે. તા. ૧ લી માર્ચ–૨૦૨૧ ના રોજ મહાદેવ ગૌશાળા ધર્માથ ટ્રસ્ટ, ડાંગાવાસ, મેડતા રોડ ખાતે બપોરે ૧૨–૩૬ કલાકથી સાંજે ૪–૦૦ કલાક સુધી ત્યારબાદ બેદિવસીય સંમેલનની પૂર્ણાહુતી થશે. વિશેષ માહિતી માટેદેવેન્દ્રભાઈ જૈન (મો. ૯૮૨૫૧ ૨૯૧૧૧), રવીન્દ્રભાઈ જૈન (રાજસ્થાન પ્રમુખ) (મો.૯૪૧૪૪ ૯૮૨૭૦), નટવરજી થાનવી (જિલ્લા કો–ઓર્ડીનેટર) (મો.૯૪૧૪૫ ૩૦૨૨૫), હરનારાયણજી સોની (મો. ૯૪૧૪૪ ૧૩૦૭૫), હીરારામજી ગોદારા (મો. ૯૪૧૩૬ ૦૩૭૧૧) નો સંપર્ક કરવા ગીરીશભાઈ શાહ (મો.૯૮૨૦૦ ૨૦૯૭૬), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯) ની યાદીમાં જણાવાયું છે.

# માણાવદર તાલુકાનું રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર નિર્માણ નિધી સમર્પણ અભિયાન સંપન્ન થયું



રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર નિર્માણ નિધી સમર્પણ અભિયાન સમગ્ર દેશમાં ચાલી રહ્યું છે. વિશ્વ હિંદુ પરિષદ સમગ્ર દેશ ના તમામ હિન્દુ પરિવારોના ઘરે ઘરે સંપર્ક કરી મંદિર નિર્માણનો વિષય સમજાવી નિધી એકત્રીકરણ નું અભિયાન ચલાવી રહ્યું છે. જે અનુસંધાને માણાવદર તાલુકાના ૫૮ ગામો તેમજ લાગુ પડતા લાંગડ અને જુણેજ ગામો મળી કુલ ૬૦ ગામોમાં કાર્યકર્તાઓ દ્વારા રૂબરૂ સંપર્ક કરી રામ મંદિર માટે નિધી સમર્પણ સ્વીકારવાની કામગીરી કરવામાં આવેલ હતી. આ અભિયાનમાં માણાવદર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના હોદેદારો સંઘચાલકજી અનિરુદ્ધભાઈ યાદવ, કાર્યવાહક ગોવિંદભાઈ ડઢાણીયા, રવિભાઈ પરમાર, રવિભાઈ જોટાગીયા, પ્રભુદાસભાઈ ડાભી, ભાવેશભાઈ માકડિયા, ભીખાભાઈ વાઢેર, હેમંતભાઈ ત્રાંબડીયા, બાલુભાઈ છેલાવાડા, કિશોરભાઈ કણજારીયા, નયનભાઈ પીઠડીયા, જીગ્નેશભાઈ ધોરિયાની, પંકજભાઈ બુટાણી, નીમીષભાઈ રાવલ, વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ કારાભાઈ મેલવાણી, ભારત વિકાસ પરિષદના નીલેશભાઈ દેત્રોજા, દક્ષેશભાઈ ભોજાણી, મિથુનભાઈ, હિરેનભાઈ, જીતુભાઈ વગેરે કાર્યકર્તાઓએ ખુબ જહેમત ઉઠાવી હતી. સમગ્ર માણાવદર તાલુકામાંથી કુલ રૂપિયા છત્રીસ લાખ જેવી નિધી એકત્રિત કરવામાં આવેલ છે. જે તમામ નિધી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના ખાતામાં જમા કરાવવામાં આવેલ છે. જે ગામમાંથી જેટલી રકમ દાનરૂપે મળેલ છે, તે રકમની બેંક ખાતામાં જમા કરાવવામાં આવેલ રકમની સ્લીપ જે તે ગામના પ્રવાસી કાર્યકર્તા દ્વારા જે તે ગામને સુપ્રત કરવાનું આયોજન પણ કરવામાં આવેલ છે. જેથી નાણાકીય પારદર્શકતાનો એક ઉત્કૃષ્ટ દાખલો સમાજને પૂરો પાડવામાં આવેલ છે.

આ અભિયાનમાં દરેક ગામમાંથી કાર્યકર્તાઓને ખુબ સારો આદર અને પ્રતિભાવ મળ્યો હતો. ગામેગામ લોકોએ રામ મંદિર વિશેના સંભારણા અને પોતપોતાની લાગણીસભર ભક્તિ પોતપોતાના યોગદાન રૂપે પ્રગટ કરી હતી.

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.